RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 86* Date: 22.01.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નવનિર્મિત અતિથિગૃહનો વર્ચ્યુલી પ્રારંભ કરાવતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## પ્રવાસન વિકાસ સરકારી યોજના નહીં પરંતુ જનભાગીદારીનું અભિયાન : વડાપ્રધાન

ગીરસોમનાથ,તા.૨૧

નવનિર્મિત અતિથિગૃહનો વર્ચ્યુલી પ્રારંભ કરાવતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મહત્વપૂર્ણ અવસર પર ગુજરાત સરકાર, સોમનાથ મંદિર ટ્રસ્ટ અને સૌને અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે આ બિલ્ડિંગને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે અહીં રહેતા લોકોને પણ 'સી વ્યૂ' મળશે. એટલે કે જ્યારે લોકો અહીં શાંતિથી મુસાફરો પોતાના રૂમમાં બેસી જશે ત્યારે તેમને દરિયાના મોજા પણ જોવા મળશે અને સોમનાથનું શિખર પણ જોવા મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે સંજોગોમાં સોમનાથ મંદિરનો નાશ થયો હતો અને જે સંજોગોમાં સરદાર પટેલના પ્રયાસોથી મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો તે બંને આપણા માટે મોટો સંદેશ છે. આપણે વિશ્વના ઘણા દેશો વિશે સાંભળીએ છીએ કે તેમની અર્થવ્યવસ્થામાં પર્યટનનું યોગદાન કેટલું મોટું છે. આપણી પાસે દરેક રાજ્યમાં, દરેક ક્ષેત્રમાં આવી અનંત શક્યતાઓ છે. સાંસ્કૃતિક વારસાનો વિકાસનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ૭ વર્ષોમાં, દેશે પર્યટનની ક્ષમતાને સાકાર કરવા માટે સતત કામ કર્યું છે. આજે પ્રવાસન કેન્દ્રોનો આ વિકાસ માત્ર સરકારી યોજનાનો ભાગ નથી, પરંતુ જનભાગીદારીનું અભિયાન છે. દેશના હેરિટેજ સ્થળો, આપણા સાંસ્કૃતિક વારસાનો વિકાસ આનું ઉત્તમ ઉદાહરણ છે. આજે દેશ પર્યટનને સર્વગ્રાહી રીતે, સર્વગ્રાહી રીતે જોઈ રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહત્વના ચાર પાસાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આજના સમયમાં પ્રવાસન વધારવા માટે ચાર બાબતો જરૂરી છે. પ્રથમ સ્વચ્છતા- અગાઉ આપણા પ્રવાસન સ્થળો, પવિત્ર યાત્રાધામો પણ અસ્વચ્છ હતા. આજે સ્વચ્છ ભારત અભિયાને આ ચિત્ર બદલ્યું છે.

પ્રવાસન વધારવા માટે સમય એ ત્રીજું મહત્વનું પાસું છે. આજે ટ્વેન્ટી-ટ્વેન્ટીનો યુગ છે. લોકો ઓછામાં ઓછા સમયમાં મહત્તમ જગ્યા આવરી લેવા માંગે છે. ટુરિઝમ વધારવા માટેની ચોથી બાબતનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે આ ચોથી બાબત આપણી વિચારસરણી છે. આપણી વિચારસરણી નવીન અને આધુનિક હોવી જરૂરી છે. પરંતુ તે જ સમયે આપણને આપણા પ્રાચીન વારસા પર કેટલો ગર્વ છે, તે ઘણું મહત્વનું છે. આઝાદી પછી, દિલ્હીમાં માત્ર થોડા પરિવારોનું પુનઃનિર્માણ થયું. પરંતુ આજે દેશ એ સંકુચિત વિચારસરણીને પાછળ છોડીને ગૌરવની નવી જગ્યાઓ બનાવી રહ્યો છે, તેમને ભવ્યતા આપી રહ્યો છે. દિલ્હીમાં બાબાસાહેબ મેમોરિયલનું નિર્માણ આપણી જ સરકારે કર્યું છે. ઉલ્લેખનીય છે કે આ મહાપૂજા અને દર્શનમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, નગરપાલિકાના પ્રમુખ પિયુષભાઈ ફોફંડી, સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહ પરમાર, કલાકાર મયુર વાકાણી, અરવિંદ વેગડા સોમનાથ ટ્રસ્ટના મેનેજર વિજયસિંહ ચાવડા, સોમનાથ ટ્રસ્ટના આફીસર દિલીપસિંહ ચાવડા સહિતના મહાનુભાવો જોડાયા હતા.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતવર્ષના આસ્થા કેન્દ્ર ભગવાન સોમનાથ મહાદેવના સાનિધ્યમાં અને અરબી સમુદ્રના કિનારે રૂ.૩૦.૫૫ કરોડના ખર્ચે નવનિર્મિત અતિથિગૃહનો આજે શુક્રવારે સવારે ૧૦ કલાકે વર્ચ્યુલી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. નોંધનીય છે કે રાજ્ય સરકારના માર્ગ અને મકાન તથા પ્રવાસન અને યાત્રાધામ વિકાસ મંત્રી પૂર્ણેશ મોદીની ઉપસ્થિતિમાં આજે સવારે ૧૦ કલાકે આ ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. રાજ્યના માર્ગ અને મકાન તથા



પ્રવાસન અને યાત્રાધામ વિકાસ મંત્રી પૂર્ણેશભાઈ મોદી અને ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી મંત્રી અરવિંદભાઈ રૈયાણીએ ભગવાન સોમનાથ મહાદેવને શીશ નમાવી તત્કાલ મહાપૂજા કરી હતી. ત્યારબાદ આ મહાનુભાવોએ સોમનાથ મંદિરના પ્રાંગણમાં આવેલા ભગવાન ગણેજીના મંદિરના ભાવપૂર્વક દર્શન અને વીર હમીરજી ગોહિલ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટ દ્વારા મંત્રીઓને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું.

### અરુણાચલ પ્રદેશમાંથી ચીન સેનાએ કિશોરના અપહરણ કેસમાં

## દરેક સ્તર પર કેન્દ્રનું ધ્યાન, જરૂરિયાત મુજબ થશે કાર્યવાહી : ઓમ બિરલા

નવીદિલ્હી,તા.૨૧

ચીની સૈનિકોએ અરૂણાચલ પ્રદેશના એક યુવકનું અપહરણ કર્યાના મામલે રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર આરોપ લગાવતા કહ્યું હતું કે આ મામલે વડાપ્રધાનનું મૌન સાબિત કરે છે કે તેમને કોઈ ફરક નથી પડતો. તેમને એ પણ કહ્યું કે તે આ કિશોરના પરિવારની સાથે ઉભા છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરી કહ્યું 'પ્રજાસત્તાક દિવસના થોડા દિવસો પહેલા ભારતના એક કિશોરનું ચીન દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. અમે મિરામ તરોનના પરિવારની સાથે છીએ અને આશા નહીં છોડીએ, હાર નહીં માનીએ. અરૂણાચલ પૂર્વના સાંસદ તપીર ગાઓએ દાવો કર્યો હતો કે ભારતીય ક્ષેત્રની



અંદરથી એક ૧૭ વર્ષીય યુવકનું અપહરણ કરવામાં આવ્યું છે. ગાઓએ દાવો કર્યો કે મંગળવારે અરૂણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લાથી યુવકનું અપહરણ કરવામાં આવ્યું. તેમને આગળ દાવો કર્યો કે ચીનની પીપુલ્સ લિબરેશન આર્મીએ આ યુવકનું અપહરણ કર્યુ છે, જ્યાં ત્સાંગપો નદી અરૂણાચલ પ્રદેશમાં ભારતમાં પ્રવેશ કરે છે. તેમને ટ્વીટ કર્યુ ૧૮ જાન્યુઆરી ૨૦૨૨એ ચીનની પીએલએએ જિદો ગામના ૧૭ વર્ષના મિરામ ટેરોનનું અપહરણ કર્યુ છે. પી.એલ.એ દ્વારા અપહરણની આ ઘટના પર ગુરૂવારે જ્યારે ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાને સવાલ કરવામાં આવ્યો તો તેમને આ મામલાની જાણકારીથી ઈનકાર કરી દીધઓ. તેમને કહ્યું ચીની સેના સરહદી સુરક્ષા અમારા કાયદાની રીતે કરે છે અને ગેરકાયદે ઘૂસણખોરીના કિસ્સાઓ પર અંકુશ રાખે છે. ચીની વિદેશ મંત્રાલયનો આ જવાબ એવા સમયે આવ્યો છે, જ્યારે ભારતીય સેનાએ ચીની સેનાને સૂચિત કર્યુ કે એક છોકરો રસ્તો ભટકી ગયો છે અને તેની જાણ નથી થઈ રહી. જણાવવામાં આવ્યું કે ભારતીય સેનાને જેવી જ ટેરોમના ગુમ થવાની સૂચના મળી તો હોટલાઈન દ્વારા તરત જ પીએલએ સાથે સંપર્ક કર્યો. ભારતીય સેનાએ અધિકૃત સંપર્ક દ્વારા ચીન દ્વારા સ્થાપિત પ્રોટોકોલ હેઠળ છોકરાની શોધ કરવા અને તેને સલામત પરત આપવાની માંગ કરી છે. તેજપુર સ્થિત સંરક્ષણ કાર્યાલયે ગુરૂવારે આ જાણકારી આપી.અરૂણાચલ પ્રદેશ અપહરણ મામલે હવે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાનું નિવેદન સામે આવ્યું છે. તેમને કહ્યું કે કેન્દ્ર પોતાના સ્તર પર તમામ મુદ્દાઓ પર ધ્યાન આપી રહ્યું છે અને જ્યારે પણ જરૂર હોય છે, ત્યારે ચર્ચા કરે છે. લોકસભા અધ્યક્ષનો આ જવાબ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ટોણો માર્યા બાદ સામે આવ્યો છે. તેમને છદ્મેં સાથે વાતચીત કરતા કહ્યું સરકારે પોતાના સ્તર પર કેસની તપાસ કરી રહી છે. જ્યારે પણ ચર્ચાની આવશ્યકતા હોય છે, તે પોતાના સ્તર પર પણ ચર્ચા કરે છે.

### અમર જવાન જ્યોતિ વોર મેમોરિયલમાં પ્રગટાવાઈ

## ૫૦ વર્ષથી ચાલતી જ્યોતિની જગ્યા બદલાઈ, મશાલથી વોર મેમોરિયલની જ્યોતિમાં વિલીન કરાઈ

નવીદિલ્હી,તા.૨૧

અમર જવાન જ્યોતિને પાકિસ્તાનની વિરુદ્ધ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન શહીદ થનાર ૩,૮૪૩ ભારતીય જવાનોની યાદમાં બનાવવામાં આવી હતી દિલ્હીમાં ૫૦ વર્ષથી ઈન્ડિયા ગેટની ઓળખ બની ગયેલી અમર જવાન જ્યોતિને વોર મેમોરિયલની જ્યોતિમાં વિલીન કરવામાં આવી છે. શુક્રવારે બપોરે ૩.૩૦ વાગ્યે આ સમારંભ શરૂ કરવામાં આવ્યો હતો. અમર જવાન જ્યોતિને સંપૂર્ણ સૈન્ય સન્માનની સાથે મશાલ દ્વારા વોર મેમોરિયલમાં લાવવામાં આવી છે.

અમર જવાન જ્યોતિ પર પુષ્પ ચઢાવીને તેનું સન્માન કરવામાં આવ્યું.મશાલો દ્વારા અમર જવાન જ્યોતિને વિલીન કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી.મિલિટ્રી બેન્ડ અને પરેડ દ્વારા જ્યોતિને વોર મેમોરિયલ લઈ જવામાં આવી.વોર મેમોરિયલ પર પ્રગટાવાયેલી જ્યોતિને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું.મશાલ દ્વારા અમર જવાન જ્યોતિને વોર મેમોરિયલમાં મેળવવામાં આવી.સૌથી પહેલા અમર જવાન જ્યોતિને સલામી આપવામાં આવી.

આ જ્યોતિને હટાવવાને લઈને સમર્થન અને વિરોધ એમ બંને પ્રકારના નિવેદનો આવી રહ્યાં છે. બીજી તરફ સરકાર સાથે જોડાયેલા સૂત્રોનો દાવો છે કે આ જ્યોતિને ઓલવવામાં આવવાની નથી, તેને માત્ર ખસેડવામાં આવી રહી છે. અમર જવાન જ્યોતિ પર પ્રગટી રહેલી જ્યોતિ ૧૯૭૧ અને અન્ય યુદ્ધમાં શહીદ થનાર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતી હતી પરંતુ તેમાંથી કોઈનું પણ નામ અહીં લખવામાં આવ્યું નહોતું. બીજી તરફ વિપક્ષો તેને શહીદોનું અપમાન કહે છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે કેટલાક લોકો દેશપ્રેમ અને બલિદાનને સમજી શકતાનથી. કંઈ વાંધો નહિ...અમે આપણા સૈનિકો માટે અમર જવાન જ્યોતિને એક વખત ફરીથી લાવીશું. અમર જવાન જ્યોતિને પાકિસ્તાનની વિરુદ્ધ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન શહીદ થનાર ૩,૮૪૩ ભારતીય જવાનોની યાદમાં બનાવવામાં આવી હતી. તેને ૧૯૭૨માં પ્રગટાવવામાં આવી હતી. તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ ૨૬ ફેબ્રુઆરી ૧૯૭૨ના રોજ તેનું ઉદ્ઘાટન કર્યું હતું. નેશનલ વોર મેમોરિયલનું નિર્માણ કેન્દ્ર સરકારે ૨૦૧૯માં કર્યું હતું. તેને ૧૯૪૭માં દેશની આઝાદી પછીથી અત્યાર સુધીમાં શહીદ થયેલા ૨૬,૪૬૬ ભારતીય જવાનોના સન્માનમાં બનાવવામાં આવી હતી.

## દેશના ૬ રાજ્યોમાં કોરોનાથી ખરાબ પરિસ્થિતિ : આરોગ્ય મંત્રાલય

ન્યુદિલ્હી, તા.૨૦

હાલમાં વિશ્વમાં કોરોનાની ત્રીજી લહેર જોવા મળી રહી છે. છેલ્લા એક અઠવાડિયામાં દરરોજ ૨૯ લાખ કેસ નોંધાયા છે. છેલ્લા ૪ અઠવાડિયામાં આફ્રિકામાં કોવિડના કેસમાં ઘટાડો થયો છે, જ્યારે એશિયામાં કોવિડના કેસ વધ્યા છે, જ્યારે યુરોપમાં કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. જો કે રાહતની વાત એ છે કે આ સમય દરમિયાન હોસ્પિટલમાં દાખલ થવાની અને મૃત્યુની સંખ્યા ઘણી ઓછી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩ લાખ ૪૭ હજારથી વધુ કોરોના દર્દીઓ મળી આવ્યા છે. ગુરુવારની સરખામણીમાં શુક્રવારે દેશમાં ૨૯,૭૨૨ વધુ કેસ નોંધાયા છે. ગુરુવારે, કોરોના વાયરસના ૩,૧૭,૫૩૨ કેસ હતા. નવા કેસ બાદ દેશમાં સક્રિય કેસની સંખ્યા ૨૦ લાખને પાર પહોંચી ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વાયરસને કારણે અત્યાર સુધીમાં ૪,૮૮,૩૯૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. કોરોનાની સાથે ભારતમાં ઓમિક્રોનના કેસ પણ વધી રહ્યા છે, જે ચિંતાજનક છે.હાલમાં ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ચાલી રહી છે, જેના કારણે ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોવિડના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. જેને લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ચિંતા વ્યક્ત કરી છે. જોકે, મુંબઈ જેવા મહાનગરમાં નવા કેસોની સંખ્યા પહેલા કરતા ઓછી છે. પરંતુ હજુ પણ કેટલાક રાજ્યો એવા છે જ્યાં કોરોના બેકાબૂ બની રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યુ કે, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ગુજરાત, દિલ્હી અને ઉત્તર પ્રદેશ રાજ્યમાં કોરોના હજુ પણ ચિંતાનો વિષય છે. આ રાજ્યોમાં સાપ્તાહિક હકારાત્મકતા દરમાં ક્રમશ વધારો જોવા મળ્યો છે. જો આપણે આંકડાઓ પર નજર કરીએ તો મહારાષ્ટ્રમાં પહેલા ૨૦.૩૫ ટકા અને હવે ૨૨.૧૨ ટકા , કર્ણાટકમાં પહેલા ૬.૭૮ ટકા અને હવે ૧૫.૧૨ ટકા, તમિલનાડુમાં પહેલા ૧૦.૭૦ ટકા અને હવે ૨૦.૫૦ટકા , કેરળમાં પહેલા ૧૨.૨૮ ટકા અને હવે ૩૨.૩૪ ટકા, દિલ્હીમાં પહેલા ૨૧.૭૦ ટકા અને હવે ૩૦.૫૩ ટકા, ઉત્તર પ્રદેશમાં પહેલા ૩.૩૨ ટકા અને હવે ૬.૩૩ ટકા પોઝિટિવિટી રેટ નોંધાયો છે, જે ચિંતાનો વિષય છે.

### વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી જાણકારી આપી

## ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરાશે

નવીદિલ્હી,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાજીની પ્રતિમાની તસવીર ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી નેતાજી બોઝની ભવ્ય પ્રતિમા તૈયાર નહીં થાય ત્યાં સુધી તેમની હોલોગ્રામ પ્રતિમા તે જ જગ્યાએ હાજર રહેશે. ૨૩ જાન્યુઆરીએ નેતાજીની જન્મજયંતિ પર હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કરાશે. "એવા સમયે જ્યારે સમગ્ર દેશ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે મને એ જણાવતા આનંદ થાય છે કે ગ્રેનાઈટથી બનેલી તેમની ભવ્ય પ્રતિમા ઈન્ડિયા ગેટ પર સ્થાપિત કરવામાં આવશે."વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. " મોદીએ ટ્વિટ કરીને આ જાણકારી આપી હતી. " મોદીએ આ જાહેરાત એવા સમયે કરી છે જ્યારે ભારત સરકારે ઈન્ડિયા ગેટ ખાતે અમર જવાન જ્યોતિ પર પ્રજવલિત જ્યોતને રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની જ્યોત સાથે મર્જ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય પર કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓ કેન્દ્ર સરકાર પર નિશાન સાધી રહી છે.

## હૈદરાબાદમાં વડાપ્રધાન વિશ્વની બીજી સૌથી ઉંચી પ્રતિમાનું અનાવરણ કરશે

,નવીદિલ્હી,તા.૨૧

હૈદરાબાદમાં ૧૧મી સદીના સમાજ સુધારક અને સંત રામાનુજાચાર્યની ૨૧૬ ફૂટ ઊંચી પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ ફેબ્રુઆરીના રોજ અનાવરણ કરશે. ચિન્ના જેયર સ્વામીજીના આશ્રમ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, આ પ્રતિમાને વિશ્વની બીજી સૌથી મોટી પ્રતિમા જાહેર કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, આ મોટી પ્રતિમા શહેરની બહારના ભાગમાં લગભગ ૪૫ એકરના કોમ્પ્લેક્સ વિસ્તારમાં પથરાયેલી છે. ૧૩ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ ૧૨૦ કિલો વજનની રામાનુજની આંતરિક ચેમ્બરની સુવર્ણ પ્રતિમાનું પણ અનાવરણ કરશે.ચિન્ના જેયર સ્વામીએ જણાવ્યુ હતુ કે , "અમે મુખ્ય મહેમાનો, મહાનુભાવો, ભક્તો અને સમાનતાની પ્રતિમાના ભવ્ય ઉદઘાટન માટે દરેકનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. ભગવદ રામાનુજાચાર્ય હંમેશા સમાનતાના સાચા પ્રતિક તરીકે રહ્યા છે. વર્ષો બાદ આ પ્રોજેક્ટ સુનિશ્ચિત કરશે કે તેમના ઉપદેશોનો ઓછામાં ઓછા બીજા ૧,૦૦૦ વર્ષ સુધી અભ્યાસ કરવામાં આવે." શ્રી રામાનુજાચાર્યની ૧,૦૦૦મી જન્મજયંતિની ઉજવણી કરવા માટે ૧૦૩૫ યજ્ઞ અને સામૂહિક મંત્ર જાપ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સહિત અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમો ૨ ફેબ્રુઆરીથી શરૂ થશે અને તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે. ઉપરાંત અન્ય કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓ, વિવિધ રાજકીયપક્ષના નેતાઓ, રાજકારણીઓ, સેલિબ્રિટી અને અભિનેતાઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તેવી સંભાવના છે.

## તંત્રી સ્થાનેથી...

# પાંચ રાજ્યો પૈકી ઉત્તરપ્રદેશની ચૂંટણીનું મહત્વ કેમ....?

દેશના પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ યોજવા જઇ રહી છે તેમાં ભાજપાએ ઉત્તરપ્રદેશની ચૂંટણીને પ્રાધાન્ય આપવા સાથે યૂપીની ચૂંટણી જીતવા એડીચોટીનું જોર લગાવી દીધું છે. હિન્દુત્વનો તેમજ કાશીમથુરા મુદ્દો વ્યાપક નહિ બનતા બ્રાહ્મણ નેતાઓની સમિતિ બનાવી બ્રાહ્મણોને મનાવવા મેદાનમાં ઉતારી દીધી છે તો દલિતોના મત મેળવવા દલિત નેતાઓને મોટી ફોજ મેદાનમાં ઉતારી દીધી છે... પરંતુ યુપીમાં મંત્રી મૌર્ય સાથે ધારાસભ્યોનાં સરકાર અને ભાજપમાંથી રાજીનામાં તેમજ અનેક ભાજપના નાના- મોટા નેતાઓ સમાજવાદી પાર્ટી સાથે જોડાઇ જતાં ભાજપને યુપીની ચૂંટણી જીતવા એડીચોટીનું જોર લગાવી દીધું છે. ભાજપાએ અહી અપના દળ અને નિશાદ પાર્ટી સાથે મળીને ચૂંટણી મેદાનમાં છે. ભાજપને સૌથી વધુ ચિંતામાં મૂકનાર અખિલેશે ભાજપમાંથી આવેલા મંત્રીઓ ધારાસભ્યોને ટિકિટ આપી છે... તેમજ યુપીના જાતિવાદી નાના ૧૧ પક્ષોને પોતાની સાથે લઈ લીધા છે જેથી ભાજપ ભીસમાં આવી ગયો છે. અહી નોંધનિય બાબત એ છે કે સ્વામી પ્રસાદ મૌર્યએ ભાજપ છોડી દેતા ભાજપાએ આપના દલ આને નિશાદ પાર્ટી સાથે સમજૂતી કરવામાં ઝડપ વધારવી પડી હતી...જેમા નિશાદ પાર્ટીને ૧૭ બેઠક અને અપના દલને ૧૪ બેઠકો આપવી પડી છે... જોકે ભાજપાએ જીતનો રસ્તો સાફ કર્યો છે. ભાજપને સપાનુ જાતિવાદી રાજકારણ નડી રહ્યું છે... તો મંડલ રાજકારણનો મોટો ડર છે.....! કોંગ્રેસે મહિલાઓને ઉમેદવાર બનાવતા ભાજપ, સપા સહિતના પક્ષોને મોટો ઝટકો આપ્યો છે કોગ્રેસે ૪૦ ટકા મહિલાઓને ટિકિટ ફાળવી છે. યુપીમાં સૌથી પ્રભાવી ગણાતા વારાણસી કાશી વિશ્વનાથ મંદિર અને સંકટ મોચન મંદિરના મહંતે ભાજપનો વિરોધ કર્યો છે તે એવુ કહીને વિરોધ કરે છે કે કાશી વિશ્વનાથ કોરિડોર બનાવવા માટે નાના મંદિરોનો ખુરદો કાઢી નાખ્યો છે જે માટે ભાજપાને કદી માફ ન કરી શકાય ઈશ્વર અને દેવીમાતા ભાજપને કાશીમાંથી બહાર કાઢશે. અને આવા સમયમાં મુલાયમસિંહના નાના પુત્રના પત્ની અપર્ણા ભાજપમાં જોડાતા મુલાયમસિંહ અને અખિલેશ સપાને મોટો ઝટકો લાગ્યો પરંતુ ભાજપાએ લખનઉ કેન્ટની ટિકિટ આપવાની ખાત્રી આપતા ભાજપમાં ભારે વિરોધ થયો છે.... જ્યારે કે નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્મા અને બ્રિજેશ પાઠક આ બેઠકના દાવેદાર છે તેમજ રીટા બહુગુણા એ પણ ધમકી આપતા કહ્યું છે કે મને અથવા મારા પુત્રને કેન્ટ બેઠક આપો નહિતર ભાજપ છોડી જઈશ...જો આ ત્રણેય ભાજપ છોડી દે તો....! આ કારણે ભાજપની સ્થિતી સાપે છછુંદર ગળ્યા જેવી થઇ છે.....! ઉત્તર પ્રદેશ એક એવું રાજ્ય છે કે જે દિલ્હી જવાનો રસ્તો છે અને એટલા માટે મુખ્યમંત્રી યોગી તો ખરાજ... પરંતુ વડાપ્રધાન ખુદ, અમિત શાહ સહિતના અનેક ભાજપના દિગ્ગજ નેતાઓએ યુપી જીતવા એડીચોટીનું જોર લગાવી દીધું છે. તે સાથે અભી તો યે ઝાંખી હૈ કાશી મથુરા બાકી હૈ નો નારો ગજાવી જીત મેળવવા મેદાને જંગ ખેલી રહ્યા છે. જ્યારે કે અખિલેશ યાદવે ૧૧ નાના પક્ષોને પોતાની સાથે લઈ લીધા છે કે જેઓ જાતિગત આધારિત પક્ષો છે અને સપાનો આ વ્યુહ ભાજપ માટે મોટો માથાનો દુખાવો બની રહ્યો છે....! ઉપરાંત સપાની યુપીના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પકડ છે જે તેને ફાયદો કરાવી શકે... યુપીમાં દલિત રાજનીતિ અને બ્રાહ્મણ લોબીનું મહત્વ વધુ પ્રમાણમાં છે અને આ બે જાતિ દિલ્હી જવાનો રસ્તો નક્કી કરશે તેવું દેખાઈ રહ્યું છે.....!ર જ્યારે કે માયાવતી આજ દિવસ સુધી મૌન રહ્યા છે તેઓ શું નિર્ણય કરે છે તેના પર રાજકીય ધૂરંધરોની નજર મંડરાયેલી છે. બીજી તરફ પ્રિયંકા ગાંધીના વડપણ હેઠળ ચૂંટણી લડતી કોંગ્રેસ ૪૦ ટકા મહિલાઓને ટિકિટ આપવાનું કાર્ડ કેવા રંગ લાવશે તે તો ચૂંટણી પરિણામો પછી જ સૌ કોઈ જાણી શકશે....!! વંદે માતરમ

# ભારતમાં ૫ કરોડથી વધુ લોકો બેરોજગાર, મહિલાઓની સંખ્યામાં વધારો

,નવીદિલ્હી,તા.૨૧

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટ અનુસાર, ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં ભારતમાં ૫૩ મિલિયન બેરોજગાર લોકો છે અને તેમાંથી મોટો હિસ્સો મહિલાઓનો છે. સીએમઆઈઈએ જણાવ્યું હતું કે આમાંથી ૩૫ મિલિયન બેરોજગાર છે જેઓ સક્રિયપણે કામની શોધમાં છે જ્યારે ૧૭ મિલિયન એવા છે જેઓ કામ કરવા ઈચ્છુક છે પરંતુ સક્રિયપણે તેની શોધમાં નથી.

સીએમઆઈઈએ તેના સાપ્તાહિક વિશ્લેષણ અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતે તરત જ બેરોજગારીનો દર ઘટાડીને ૭.૯ ટકા કરવાની જરૂર છે અથવા ડિસેમ્બર ૨૦૨૧માં બેરોજગારી દરમાં હોય તેવા ૩૫ મિલિયન લોકોને અથવા ડિસેમ્બર ૨૦૨૧માં ૩૫ મિલિયન લોકોને રોજગાર પ્રદાન કરવાની જરૂર છે જેઓ રોજગારી ધરાવતા ન હતા અને તેઓ સક્રિય છે. ચોક્કસપણે નોકરી શોધી રહ્યાં છો. બીજી બાજુ, એક નોંધપાત્ર પડકાર વધારાના ૧૭ મિલિયન લોકોને રોજગાર પ્રદાન કરવાનો છે જેઓ બેરોજગાર હતા અને જ્યારે કામ ઉપલબ્ધ હતું ત્યારે કામ કરવા તૈયાર હતા, તેમ છતાં તેઓ સક્રિય રીતે કામની શોધમાં ન હતા.

રિપોર્ટ અનુસાર, ડિસેમ્બર ૨૦૨૧માં સક્રિયપણે કામની શોધમાં ૩૫ મિલિયન બેરોજગાર લોકોમાંથી ૨૩ ટકા અથવા ૮ મિલિયન મહિલાઓ હતી. ઉપરાંત, ૧૭ મિલિયન નિષ્ક્રિય રીતે બેરોજગારમાંથી, ૫૩% અથવા ૯ મિલિયન સ્ત્રીઓ કામ કરવા ઈચ્છુક હતી, જો કે તેઓ સક્રિય રીતે કામની શોધમાં ન હતી. સર્વે મુજબ, તપાસ કરવાનો મુદ્દો એ છે કે શા માટે કામ કરવા ઈચ્છુક મહિલાઓ કામ માટે સક્રિયપણે અરજી કરતી નથી. તમે કામ કેમ શોધી રહ્યા નથી? પછી તે નોકરીની ઉપલબ્ધતાનો અભાવ હોય કે મહિલાઓને શ્રમ દળમાં જોડાવા માટે સામાજિક સમર્થનનો અભાવ હોય.સીએમઆઈઈ વિશ્વ બેંકના ડેટાને ટાંકીને જણાવ્યું હતું કે વિશ્વ બેંકે વૈશ્વિક રોજગાર દર ૨૦૨૦ માં ૫૫ ટકા અથવા ૨૦૧૯ માં ૫૮ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો, જે રોગચાળાથી પ્રભાવિત છે, જ્યારે ભારતમાં તે ૪૩ ટકાના નીચા સ્તરે છે. જો કે,સીએમઆઈઈએ પણ ભારતનો રોજગાર દર ૩૮ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે.

# ક્રોધ સાક્ષાત યમરાજા છે

માનવ જીવનમાં અનેક મનોવિકાર છે.આ પૈકી સૌથી પ્રબળ મનોવિકાર ક્રોધ છે કે જેનાથી અમારા કર્મો સૌથી વધુ પ્રભાવિત થાય છે,પરંતુ ક્રોધ કેમ આવે છે ? આ પ્રશ્ન ઘણો જ ગંભીર છે તથા તેનો જવાબ પણ એટલો જ ગંભીર છે.આપણા જીવનમાં એવી કેટલીય ઘટનાઓ બને છે કે અમારે ક્ષણિક ક્રોધના કારણે ગંભીર પરીણામો ભોગવવા પડે છે.આવું બનવાનું પ્રથમ કારણ છેઃવિવેકની ખામી. જેમ પ્રકાશ અને અંધકાર એકબીજાના વિરોધી છે તેમ ક્રોધ અને વિવેક પણ એકબીજાના વિરોધી છે.જેમ પ્રકાશના એક કિરણથી અંધકાર દૂર થઇ જાય છે તેમ વિવેકની ગેરહાજરીના કારણે મનુષ્યભને ક્રોધ આવી જાય છે.જ્યારે મનુષ્યનો વિવેક નષ્ટ થઇ જાય છે ત્યારે ક્રોધી વ્યક્તિને સારાસારનો તથા કેવી વાત કહેવી અને કેવી વાત ના કહેવી તેનો ખ્યાલ રહેતો નથી.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (૨/૬૨) કહ્યું છે કેઃ વિષયોનું ચિંતન કરનાર મનુષ્યની તે વિષયમાં આસક્તિ જન્મે છે,આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે,કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે,ક્રોધથી મોહ(મૂઢતા) આવે છે,મૂઢતાથી સ્મૃતિ નષ્ટ થઇ જાય છે.સ્મૃતિ નષ્ટ થવાથી બુદ્ધિ અર્થાત્ વિવેક નાશ પામે છે.બુદ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થાય છે. ભગવાનનું ચિંતન નહી થવાથી વિષયોનું જ ચિંતન થાય છે કારણ કે જીવની એક તરફ પરમાત્મા છે અને બીજી તરફ સંસાર છે.જયારે આપણે પરમાત્માનો આશ્રય છોડી દઇએ છીએ ત્યારે સંસારનો આશ્રય લઇને સંસારનું જ ચિંતન કરીએ છીએ કેમકે સંસાર સિવાય ચિંતનનો બીજો કોઇ વિષય રહેતો નથી.આ રીતે ચિંતન કરતાં કરતાં મનુષ્યની તે વિષયમાં આસક્તિ,રાગ અને પ્રીતિ ઉત્પન્ન થઇ જાય છે.આસક્તિ પેદા થવાથી મનુષ્યે તે વિષયનું સેવન કરે છે.વિષયોનું સેવન પછી ભલે તે માનસિક હોય કે શારીરિક હોય, તેનાથી જે સુખ થાય છે તેનાથી વિષયોમાં પ્રીતિ પેદા થાય છે.પ્રીતિથી તે વિષયોનું વારંવાર ચિંતન થવા લાગે છે. વિષયોમાં રાગ પેદા થવાથી તે વિષયોને(ભોગોને) પ્રાપ્ત કરવાની કામના પેદા થઇ જાય છે કે તે ભોગો, વસ્તુઓ મને મળે. કામનાને અનુકૂળ પદાર્થો મળતા રહેવાથી લોભ પેદા થઇ જાય છે અને કામના પુર્તિની સંભાવના થઇ રહી હોય,પરંતુ તેમાં કોઇ વિઘ્ન નાખે તો તેના ઉપર ક્રોધ આવી જાય છે.

અમારી ઈચ્છાનુસાર જ્યારે કોઇ કાર્ય ના થાય ત્યારે મનમાં તનાવ, કુંઠા, સંઘર્ષ તથા અસંતોષની સ્થિતિ પેદા થાય છે.આ સ્થિતિને શાંત કરવા અમુક હદ સુધી અમારો વિવેક પ્રયાસ કરે છે,પરંતુ જ્યારે વિવેકનું નિયંત્રણ



રહેતું નથી ત્યારે ક્રોધ ભભૂકી ઉઠે છે.ક્રોધ અને હિંસાના પ્રભાવમાં વ્યક્તિ પૈશાનિક ભાવનાથી પ્રેરાઈને ન કરવાનાં કાર્ય કરી બેસે છે.ઘણીવાર વિવેકની ખામીના કારણે અમારી અંદર વૈમનસ્ય, વિરોધ, કટુતા, ઈર્ષા, શત્રુતા, બદલાની ભાવના.. વગેરે હિંસાનાં સુક્ષ્મરૂપ અમારી અંદર અંકુરના રૂપમાં હોય છે તે પણ ક્રોધનું રૂપ ધારણ કરી લે છે.અમારી અંદર તામસિક તત્વની ઉગ્રતાના કારણે બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે અને તેથી કોઇનું પણ અનિષ્ટ કરવામાં કોઇ ક્ષોભ થતો નથી.જો પશુતાની જગ્યાએ પ્રેમ, દ્વેષની જગ્યાએ આત્મિયતા ભાવ હોય તો ક્રોધ ઓછો થઇ જાય છે.જયાં સુધી અમારી અંદર હિંસાની ભાવના રહેશે ત્યાં સુધી ગમે તે રૂપમાં ક્રોધ પ્રગટ રૂપમાં રહે છે.ફક્ત ક્રોધને દબાવવાથી જ ક્રોધ શાંત થતો નથી,પરંતુ એક ભયાનક મનઃસ્થિતિ બની જાય છે.દૈનિક જીવનમાં પણ ઘણીવાર હિનતાની ભાવનાના કારણે ક્રોધ આવી જાય છે. પોતાની કોઇ હીન ભાવનાને છુપાવવા માટે પણ લોકો ક્રોધનો સહારો લે છે કે જેથી પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકાય.

×કામ,ક્રોધ અને લોભ આ ત્રણ નરકના દરવાજા જીવાત્માનું પતન કરનારા છે,એટલા માટે આ ત્રણેનો ત્યાગ કરી દેવો જોઇએ..'' ક્રોધ આવે ત્યારે અમે જો થોડા સમય માટે તેને ટાળી દઇએ તો ક્રોધથી બચી જવાય છે.જયારે પણ કોઇ સારૂં કામ કરવાનો વિચાર આવે તો તુરંત જ કરી લેવું જોઇએ અને ખરાબ વિચાર આવે તો તેને ટાળી દેવું જોઈએ.આ કાર્ય કઠીન છે પરંતુ પ્રયાસ કરવાથી તેમાં સફળતા મળે છે,પરંતુ આ કાર્ય તે જ કરી શકે છે કે જે પોતાની ઈન્દ્રિયો ઉપર કાબુ રાખવામાં સક્ષમ છે.જેનામાં આત્મબળ છે..બુદ્ધિ પર વિશ્વાસ છે..સ્વભાવ શાંત અને ગંભીર છે.પ્રેમપૂર્વક વ્યવહાર કરવાથી બુદ્ધિનો વિકાસ..નિર્ણય લેવાની ક્ષમતા અને સમાજમાં પ્રતિષ્ઠાર વધે છે. ક્રોધને શાંતિથી જીતો.ક્રોધએ પતન અને પરાભવનું કારણ છે એટલે તેનાથી બચવું શ્રેયસ્કર છે.ક્રોધ અનેક મહાપુરૂષોના પરાભવનું કારણ બન્યો છે.મહર્ષિ દુર્વાસાએ ભગવાન શંકરના અંશાવતાર અને મહાન જ્ઞાની હતા,પરંતુ સ્વભાવતઃ ક્રોધી હોવાના કારણે તેમને રાજા અંબરીષને ત્યાં વિપત્તિનો સામનો કરવો પડ્યો હતો અને ક્રોધ જ તેમના પરાભવનું કારણ હતો.તેવી જ રીતે ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામજી પણ શિવ ધનુષ્યભંગના પ્રસંગમાં ક્રોધના કારણે જ પરાભૂત થયા હતા તથા તેમને તપસ્યાથી પ્રાપ્ત પુણ્ય ગુમાવવું પડ્યું હતું.

વસ્તુતઃ ક્રોધના મૂળમાં કામ છે.કામના થવી કે કામના કરવી એ મનનું કાર્ય છે.મનથી વિપરીત થતાં જ ક્રોધ આવી જાય છે.મનનો સ્વભાવ અત્યંત ચંચળ છે અને તેની પ્રકૃતિ સંકલ્પ-વિકલાત્મક છે.મનના લીધેલ નિર્ણયો બુદ્ધિથી વિપરીત પણ હોઇ શકે છે એટલા માટે મનની ઉપર બુદ્ધિનું નિયંત્રણ હોવું ખુબ જ જરૂરી છે.બુદ્ધિના નિયંત્રણથી વિચારોમાં સાત્વિકતા આવે છે અને રજોગુણ તથા તમોગુણનો ભાવ દબાઇ જાય છે. ક્રોધ થવાથી અવિવેક ઉત્પન્ન થાય છે અને તેથી સ્મૃતિભ્રમ થઇ જાય છે.સ્મૃતિના નાશ થઇ જવાથી બુદ્ધિ નષ્ટ થઇ જાય છે અને બુદ્ધિનાશ એ વિનાશનો મૂળ હેતુ છે. અનાસક્ત ભાવથી રહેવાથી કામ, ક્રોધ રહેતા નથી.શાસ્ત્રોમાં ક્રોધને સાક્ષાત યમરાજા કહ્યો છે તથા તેનાથી બચવાની સલાહ આપવામાં આવી છે...!

સંકલનઃસુમિત્રાબેન દાદુભાઇ નિરંકારી

છક્કડીયા,પોસ્ટઃધાણીત્રા,તા.ગોધરા

Sumi7875@gmail.com

# શ્રીલંકાને આર્થિક કટોકટીમાં ભારત યાદ આવ્યું

શ્રીલંકા,તા.૨૧

કોલંબો પોર્ટ પર ઈસ્ટ કન્ટેનર ટર્મિનલ ના નિર્માણ માટેના કરારમાંથી ભારત અને જાપાનને બાકાત રાખવામાં આવ્યા હતા. હવે શ્રીલંકા કટોકટીનો સામનો કરવામાં મદદ માટે ભારત તરફ વળે છે અને વસ્તુઓ સારી રીતે ચાલી રહી હોય તેવું લાગે છે. શ્રીલંકાએ આ મહિનાની શરૂઆતમાં દ્વિપક્ષીય ઉર્જા સુરક્ષા માટે નિર્ણાયક ગણાતા ત્રિંકોમાલી ટેન્ક ફાર્મ વિકસાવવા માટેના પ્રસ્તાવિત કરારને મંજૂરી આપી હતી. મિલિંદાએ જણાવ્યું હતું કે કોલંબો પોર્ટના વેસ્ટર્ન કન્ટેનર ટર્મિનલ પર પણ કામ આવતા મહિને શરૂ થવાની અપેક્ષા છે, જે અદાણી જૂથ દ્વારા વિકસાવવામાં આવી રહી છે. શ્રીલંકાના નાણા પ્રધાન બાસિલ રાજપક્ષેએ તાજેતરમાં વિદેશ પ્રધાનને ખાતરી આપી હતી કે કોલંબો ઘણા ક્ષેત્રોમાં ભારતીય રોકાણ માટે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવવા માટે કામ કરશે.

ચીનના દેવામાં ડૂબેલા શ્રીલંકાને સૌથી મોટી મદદ ભારત તરફથી મળી રહી છે. શ્રીલંકા પોતે આ વાત સ્વીકારી રહ્યું છે. શ્રીલંકાના હાઈ કમિશનર મિલિંદા મોરાગોડાએ બુધવારે જણાવ્યું હતું કે ભારત દ્વારા તૈયાર કરાયેલ આર્થિક રોડમેપ તેના પડોશી ટાપુ દેશ પર વધતા દેવાની કટોકટી હળવી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આનાથી બંને દેશો વચ્ચે વિશ્વાસની કમી દૂર થશે અને દેશમાં ચીનની વધતી ગતિવિધિઓની ચિંતાઓને દૂર કરવામાં પણ મદદ મળશે. એક ઈન્ટરવ્યુમાં મિલિંદાએ કહ્યું કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે શ્રીલંકાના અર્થતંત્રના પુનઃરચના માટેના પ્રયાસોનું નેતૃત્વ કરી રહ્યા છે અને ભારત આ પ્રક્રિયાની અગત્યની ચાવી બનવા જઈ રહ્યું છે. આ વાતચીતના એક દિવસ પહેલા ભારતે શ્રીલંકાને પેટ્રોલિયમ પ્રોડક્ટસ ખરીદવામાં મદદ કરવા માટે ૫૦૦ મિલિયન ડોલરની ક્રેડિટ લાઇનની જાહેરાત કરી છે.

# ક્રૂડ તેલમાં ૨૧,૨૮,૧૦૦ બેરલના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૧૨૮નો ઘટાડો

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૧,૫૨૮ સોદાઓમાં કુલ રૂ.૧૨,૪૦૭.૭૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૧૨૧ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૨૫૨ પોઈન્ટની અને એનર્જી ઈન્ડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૬૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૬૭,૧૨૧ સોદાઓમાં કુલ રૂ.૪,૦૩૨.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૩૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૫૨૩ અને નીચામાં રૂ.૪૮,૧૫૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૬ ઘટી રૂ.૪૮,૨૭૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૦૯ ઘટી રૂ.૩૮,૫૫૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૪,૮૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૪,૯૮૨ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૫,૩૧૯ અને નીચામાં રૂ.૬૪,૬૧૯ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫૭ ઘટી રૂ.૬૫,૦૨૨ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩૪૮ ઘટી રૂ.૬૫,૨૦૦ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩૬૪ ઘટી રૂ.૬૫,૧૮૪ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં ૧૫,૪૫૩ સોદાઓમાં રૂ.૩,૧૯૫.૨૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૯૫ ઘટી રૂ.૨૪૩.૮૦ અને જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧ ઘટી રૂ.૨૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૫ ઘટી રૂ.૭૫૪.૫૫ અને નિકલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૨ વધી રૂ.૧,૭૯૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૧૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૨૮,૧૨૮ સોદાઓમાં કુલ રૂ.૨,૦૨૩.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૩૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૬૩ અને નીચામાં રૂ.૬,૨૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૮ ઘટી રૂ.૬,૨૬૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૦ વધી રૂ.૨૮૯.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૬૫૯ સોદાઓમાં રૂ.૩૧૮.૮૯ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૯૯૧.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૯૧.૫૦ અને નીચામાં રૂ.૧૯૬૧.૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬.૫૦ ઘટી રૂ.૧,૯૬૭.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૦૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૧૦૦ અને નીચામાં રૂ.૧૫,૮૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭૬ ઘટી રૂ.૧૫,૮૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૭૫ અને નીચામાં રૂ.૧૧૭૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬ વધી રૂ.૧૧૭૫ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૦ વધી રૂ.૯૮૫.૬૦ અને કોટન જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૩૩૦ ઘટી રૂ.૩૬,૦૩૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૫૫૫ સોદાઓમાં રૂ.૨,૧૫૪.૯૩ કરોડનાં ૪,૪૫૫.૯૪૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૧,૫૬૬ સોદાઓમાં કુલ રૂ.૧,૮૭૭.૬૭ કરોડનાં ૨૮૮.૧૫૧ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૪૧૨.૮૯ કરોડનાં ૧૬,૮૬૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩૧૯.૦૧ કરોડનાં ૧૦,૭૧૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૧૦.૧૬ કરોડનાં ૧૨,૦૪૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૧,૪૭૬.૦૨ કરોડનાં ૮,૩૧૧.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૭.૧૪ કરોડનાં ૪,૧૫૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩,૪૩૮ સોદાઓમાં રૂ.૧,૩૩૨.૦૮ કરોડનાં ૨૧,૨૮,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪,૬૯૦ સોદાઓમાં રૂ.૬૯૧.૪૬ કરોડનાં ૨,૪૨,૯૦,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૬ સોદાઓમાં રૂ.૦.૨૪ કરોડનાં ૨૪ ટન અને કોટનના વાયદાઓમાં ૨,૧૬૯ સોદાઓમાં રૂ.૨૮૮.૦૧ કરોડનાં ૭૯૫૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૪૫૦ સોદાઓમાં રૂ.૧૭.૮૨ કરોડનાં ૧૮૦ ટન, રબરના વાયદાઓમાં ૧૩ સોદાઓમાં રૂ.૦.૨૫ કરોડનાં ૧૬ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૨૧ સોદાઓમાં રૂ.૧૨.૫૭ કરોડનાં ૧,૦૭૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૩૨૫.૦૨૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૩૮.૨૯૪ ટન, એલ્યુમિનિયમમાં ૧૭,૧૭૦ ટન, જસત વાયદામાં ૧૦,૭૯૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૩,૧૫૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૮,૧૧૫ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૬,૨૨૫ ટન, ક્રૂડ તેલમાં ૮,૯૦,૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૪૮,૦૧,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૫૬ ટન, કોટનમાં ૨૦૦૫૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૪૧ ટન, રબરમાં ૪૬ ટન, સીપીઓમાં ૩૫,૧૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૦૦ સોદાઓમાં રૂ.૧૪૮.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૫૯ સોદાઓમાં રૂ.૬૧.૨૨ કરોડનાં ૮૫૩ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૮૫૩ સોદાઓમાં રૂ.૮૧.૦૪ કરોડનાં ૮૮૨ લોટ્સ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૮૮ સોદાઓમાં રૂ.૬.૭૩ કરોડનાં ૮૮ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૭૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૬૧૫ લોટ્સ તેમ જ એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧૫૬ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૪,૩૬૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૪૦૯ અને નીચામાં ૧૪,૨૮૮ના સ્તરને સ્પર્શી, ૧૨૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૫ પોઈન્ટ ઘટી ૧૪,૩૩૫ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૮,૫૫૫ના સ્તરે ખૂલી, ૨૫૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૧ પોઈન્ટ ઘટી ૧૮,૪૨૪ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી ઈન્ડેક્સનો ફેબ્રુઆરી વાયદો ૬,૧૦૦ના સ્તરે ખૂલી, ૬૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૫ પોઈન્ટ ઘટી ૬,૧૨૭ના સ્તરે બોલાયો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૨૬,૪૬૭ સોદાઓમાં રૂ.૨,૬૮૮.૫૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૨.૮૯ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૫.૯૮ કરોડ અને બિનલોહ ધાતુઓમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૩૨.૪૪ કરોડ તથા નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ડાંગમા 'કોરોના' સંદર્ભે શરૂ કરાયો રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલ રૂમ

આહવા તાઃ ૨૧ઃ

'કોવિડ-૧૯'ની સાંપ્રત પરિસ્થિતિ અંગે પ્રજાજનોને સાચુ માર્ગદર્શન તથા માહિતી મળી રહે તે માટે, જિલ્લા કક્ષાએ રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીત તરફથી મળેલી વિગતો અનુસાર, ડાંગ જિલ્લા પંચાયત ભવન, આહવા ખાતે ગ્રાઉન્ડ ફલોર ઉપર કાર્યરત, આરોગ્ય શાખામા ટેલિફોન નંબર-૦૨૬૩૧ ૨૨૦૩૪૪ (મેઇલ આઇ.ડી. – dso.health.dang@gmail.com) ઉપર રાઉન્ડ ધી ક્લોક માહિતી અને માર્ગદર્શન માટે, જવાબદાર અધિકારી/કર્મચારીઓને ફરજ સોંપવામા આવી છે. જેનો જિલ્લાના પ્રજાજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે.

ઉલ્લેખનિય છે કે, આ કંટ્રોલરૂમ ઉપરથી કોવિડ-૧૯ને સંલગ્ન વેક્સિનેશન, ટેસ્ટિંગ સહિત ઉપલબ્ધ સાધન સુવિધાઓ અંગેની જરૂરી જાણકારી કોલરને મળી રહેશ

નરેન્દ્ર પવાર ડાંગ

# થરાદની મુખ્ય કેનાલમાંથી નવજાત ભ્રૂણ મળી આવતા ચકચાર.

બનાસકાંઠા બ્યુરો દીલીપ ગોહીલ

બનાસકાંઠા જિલ્લાના થરાદની મુખ્ય કેનાલમાં આજે પાણીમાં વહેતું એક નવજાત ભ્રૂણ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સ્થાનિક લોકોએ નવજાત ભ્રુણને કેનાલમાંથી બહાર નીકાળી થરાદ પોલીસને જાણ કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં અનેકવાર આવા નવજાત ભ્રૂણ મળી આવવાની ઘટના સામે આવતી હોય છે ત્યારે આજે વધું એક થરાદ બાજુથી પસાર થતી મુખ્ય કેનાલમાં વાવના ઢીમા પૂલ પાસે કેનાલમાં વહેતા પાણીમાં નવજાત ભ્રૂણ વહેતુ મળી આવતા સ્થાનિક લોકોએ નવજાત ભ્રૂણને કેનાલમાંથી બહાર નીકાળ્યું હતું અને તાત્કાલિક થરાદ પોલીસને જાણ કરતાં થરાદ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

# કાણોદર ગ્રામ પંચાયતના નવા સરપંચ/ડે.સરપંચ કાર્યભાર સંભાળ્યો.

બનાસકાંઠા બ્યુરો દીલીપ ગોહીલ

ગ્રામ પંચાયતની કમીટીમાં. ગતરોજ તા.૨૧/૧/૨૨ ને શુક્રવાર ના રોજ શુભ મુહૂર્તમાં પાલનપુર તાલુકા ની કાણોદર ગ્રામ પંચાયત કચેરીના સભાખંડ ખાતે પાલનપુર તાલુકા પંચાયત સર્કલ અધિકારી રક્ષાબેન રાજગોર ના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઇ હતી. જેમાં

ત.ક.મંત્રી નરેશભાઇ ચૌધરી ની હાજરીમાં ડે.સરપંચની બેઠક યોજાઈ હતી જેમાં સરપંચ તરીકે મોટી લીડ થી વિજેતા થનાર પ્રથમ નવયુવાન દીલીપભાઇ મફતલાલ સાલ્વી અને ડે.સરપંચ તરીકે કલ્બેઅબ્બાસ અબુલભાઇ સુણસરા ને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. નવનિયુક્ત સરપંચ અને ડે.સરપંચ અને સભ્યોને સમગ્ર સમાજે શુભેચ્છા પાઠવી આવકાર્યો હતા. આ પ્રસંગે પૂર્વ સભ્યો, ગામના વરિષ્ઠ નાગરિકો વિવિધ સમાજ ના આગેવાનો સહિત યુવાનો ,ગ્રામજનો,શુભેચ્છકો અને અગ્રણીઓ અને પત્રકાર મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.કાણોદર ગામના વિકાસની જવાબદારી સરપંચ /ડે.સરપંચ ના શિરે વિકાસની ગતિ ને વેગ આપશે. તેવુ સરપંચ/ઉપ સરપંચ દ્વારા જાણવા મળ્યુ હતુ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 0110**

વિષયઃ ખાના ખજાના

પ્રકારઃ ગદ્ય - માહિતી લેખ

શબ્દઃ ૩૪૯

શિર્ષકઃ સુરતી વાનગીઓ - સ્વાદનો ખજાનો

'ખાના ખજાના' વિષય ઉપર લખવાની વાત આવી અને મૂળ સુરતી જીવ એટલે સ્વાભાવિક રીતે સુરતી વાનગીઓ ઉપર પ્રથમ પસંદગી ઉતરે. 'કાશીનું મરણ અને સુરતનું જમણ' પણ કંઈ એમ જ નથી કહેવાતું. સુરતી લાલાઓ ખાણીપીણીની મોજ માટે ખુબ જાણીતા છે. ખાવાની શોખીન અને દિલથી બાદશાહ એવી સુરતની પ્રજા અવનવી વાનગીઓ માણવાનું ચૂકતી નથી. વળી તહેવારોની ઉજવણી તો ખાણીપીણીની જમાવટ વગર શક્ય જ નથી.

સુરતની ઉત્તરાયણ સાથે શિયાળામાં સુરતી ઊંધિયું પણ અતિ પ્રસિદ્ધ છે. સુરતી ઊંધિયું સ્વાદ અને સોડમનું અદ્ભુત મિશ્રણ છે. આ સ્વાદમાં ખાસ કરીને સુરત નજીકના કતારગામની 3 દાણાની પાપડી, લીલવાના દાણા અને રતાળુના કંદની વિશિષ્ટ મીઠાશ સમાયેલી હોય છે. તલ,કોપરું,લીલા મરચાં અને કોથમીરનો મસાલો સુરતી ઉંધીયાના સ્વાદને આગવી ઓળખ આપે છે. સાથે ભરેલા રવૈયા, બટાકા, શક્કરિયાં અને કેળાં તો ખરાં જ. આ સુરતી ઊંધિયું બનાવવાની પદ્ધતિમાં તેનો લીલો મસાલો, પાપડી-દાણા તથા કંદને એક ચોક્કસ રીતે સ્તર બનાવીને રાંધવા મુકાય છે જેથી બધી જ સામગ્રી તેની મીઠાશ ગુમાવ્યા વગર સરસ રીતે રંધાઈ જાય. આ રીતે તૈયાર થયેલા સુરતી ઊંધિયાની મીઠાશ કંઈક અલગ જ હોય છે. આ સુરતી ઊંધિયાની લિજ્જત પુરી અને જલેબી સાથે એકવાર જરૂર માણવી જ જોઈએ.

શિયાળામાં મળતો સુરતનો પોંક અદ્ભુત મીઠાશ ધરાવતી ચોક્કસ પ્રકારની જુવારમાંથી તૈયાર કરવામાં આવે છે. ખાસ 'આંધળી વાણી'ની જાતની જુવારની ખેતી સુરતની આજુબાજુના પ્રદેશોમાં કરવામાં આવે છે. આ જુવારનો ઉપયોગ ફક્ત પોંક તૈયાર કરવા માટે જ થાય છે. માત્ર સુરતમાંથી જ નહીં પરંતુ ગુજરાતના અને ક્યારેક વિશ્વના જુદા જુદા ખૂણેથી આ તાજા છડેલા પોંકનો આસ્વાદ માણવા લોકો આવે છે.આ તાજા પોંકની ખાવાની મજા ખાસ તૈયાર કરાયેલી ચટાકેદાર લીંબુ મરીની સેવ અને તીખી સેવની સાથે છે.

બીજી એક સુરતની પ્રસિદ્ધ મીઠાઈની વાનગી એટલે માવા અને ઘીની ડ્રાયફ્રૂટ અને કેસર ઈલાયચી સાથેની અલગ-અલગ પ્રકારની ઘારી. વર્ષોથી ચંદી પડવાની રાત્રે ચંદ્રમાની શીતળ ચાંદનીમાં સુરતના રહેવાસીઓ સુરતની અતિપ્રસિદ્ધ ઘારી અને ભૂસું લઈ સ્નેહી-સ્વજનો અને મિત્રો સાથે ખુલ્લામાં અને ક્યારેક રોડ ફૂટપાથ ઉપર બેસીને ઉજાણી કરે છે.

આ તો વાત થઈ સુરતની ઓળખ આપતી મુખ્ય વાનગીઓ જે વર્ષોથી સચવાયેલી છે અને લોકોના દિલ પર રાજ કરે છે. આ ઉપરાંત મુખ્યત્વે સુરતનાં ઈદડા-ખમણ,ખમણ નો લોચો અને સુરતના પારસીઓની વર્ષો જૂની બેકરીઓના બટર બિસ્કિટ અને નાનખટાઇ પણ અતિશય પ્રખ્યાત છે. સાચે જ સુરતની ખાણીપીણી એ સ્વાદનો ખજાનો જ છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

**NOG:SS No. 0097**

વિષય : ખાનાખજાના

પ્રકારઃ ગદ્ય

શીર્ષકઃ બે પુરી એક વડુ

કહેવાય છે કે—કોઈના પણ દિલ સુધી પહોંચવાનો સીધો અને સરળ રસ્તો પેટ છે.લાગણી અને ભાવથી સ્વ હસ્તે બનાવેલ વાનગી ખાનારના દિલને પ્રેમથી તરબતર કરી જ દે.કોઈ અપવાદ હોય શકે.

શીર્ષક સંલગ્ન વાત કરું તો દક્ષિણ ગુજરાતમાં વસતી અનાવિલ જ્ઞાતિમાં દીકરી-જમાઈ લગ્ન પછી પહેલી વખત વંદા થવા પિયર આવે ત્યારે રવાના લાડુ અને બેસનના લાડુ,રવા-મેંદાની ખુબ મોણની સાધારણ કડક પુરી અને ઘઉં-જુવારના તીખા વડાનો મોટો કરંડિયો આપવાનો રિવાજ હતો.

સાસરીમાં જેઠાણી-નણંદ નવી વહુની સાથે કુટુંબીઓ અને સંબંધીઓને ત્યાં
પુરી,વડા અને લાડુ વહેવાર મુજબ વહેંચવા નીકળે. મૂળ હેતુ નજીકથી નજીકનાઓ(?!)ની ઓળખાણ થાય.

વહેવારમાં "બે પુરી ને એક વડું"નો વહેવાર ઝાઝો.

દ.ગુજ.ની બીજી વાનગી તે શેરડીના રસની બનાવેલ દુધેલી(રી). રસને ઉકાળીને થોડોક ચોખાનો લોટ પ્રમાણસર દુધમાં ઓગાળી,ઉકળતા રસમાં મીક્ષ કરી,ઠારીને એ પર જાયફળનો પાવડર અને ખસખસ ભભરાવવામાં આવે અને ખાતી વખતે દરેક પીસ પર ઠરેલું ઘી લેવામાં આવે
શિયાળાની સિઝનમાં નવસારી થી વલસાડ સુધી બહુ વેચાતી અને ખવાતી તેલ ઘી વગરની વાનગી.

લીલી તુવેરના ઢેખરા પણ દ.ગુંજ.ની ખાસ વાનગી. ઘઉં-જુવાર અથવા કણકી-કુરમાના લોટને, થોડાક વધારે લીલા આદુ મરચાં અને આગળ પડતા ગોળ અને રોજિંદા મસાલાના ઉકળતા પાણીમાં કંસારની જેમ બાફવા. લીલી તુવેરના મીઠામાં બાફેલા દાણાને હળવા
છૂંદીને મિક્સ કરી તેલમાં તળવા. માઈક્રોવેવમાં ગ્રીલ પણ કરી શકાય.

આવી ઘણી વાનગીઓનો ખજાનો દ.ગુંજ.માં ભર્યો પડ્યો છે. શબ્દોની મર્યાદા ધ્યાનમાં રાખવી પણ જરુરી ખરી જ.

વર્ષાબેન દેસાઈ , એડવોકેટ , વડોદરા

---

**NOG SS NO.0059.**

વિષયઃખાના-ખજાના.

પ્રકારઃગદ્ય- લેખ.

શીર્ષકઃ આક્રમણ ? સાવધાન !

શબ્દોઃ ૩૪૬.

મારા વ્હાલા વાંચક મિત્રો,

આક્રમણ શબ્દ વાંચી ને જરાપણ ડરવાની કે ગભરાવવાની જરૂર નથીજ.

આપણને એડમીન ટીમે આપેલ વિષય,ખાના-ખજાના ની વાનગીઓનુ આ આક્રમણછે, અને દરેક વાનગીઓ,આપણી સ્વાદ લોલુપતા આગળ, નત મસ્તકે, નમ્રભાવે પોતાનું અસ્તિત્વ મિટાવવા તૈયારછે ! આ તો વગર લડીયે જીતનો તાજ મેળવવાની
અમૂલ્ય વાતછે.

રોચક વિષયથી,આવેલી અનેક રચનાઓના નવી વાનગીઓના આક્રમણથી એક નવી કહેવત 'પ્યારે' ને મળીછે,

હા,આપ સર્વેએ તેની ચર્ચામાં જોડાવવું પડશે ! તૈયારછોને મિત્રો?

હાં, ચર્ચામા આવો ત્યારે આપ દરેક,એક વાનગી જરૂર લાવશોજી.

તોનવી કહેવત........

'પ્યારે'જે-જે,ખાશે તાજી વાનગી, ભાગશે જીવનમાથી તેની માંદગી !

ખાના શબ્દ આમ તો હિન્દી શબ્દ છે,અર્થ ભોજન/જમવું સૂચવેછે.

આપણી રાષ્ટ્રભાષા હિન્દી, અને આપણા ભારતના ગુજરાતની અણમોલ 'અતિથિ દેવો ભવઃ'ની વિશાળ ભાવના,પરોણાગતીનાં કારણે, 'ખાના'શબ્દ,આપણા શબ્દકોષ પરિવારનું મનભાવન વ્યજંન બની ગયેલ છે,
છે ને શબ્દનો જાદુ !

ઈતર ભાષીને, આપણા દ્વારા પૂછાતો પ્રશ્ન,'ખાના ખાયા' ?

'ખજાના શબ્દ સાંભળતાં સૌની આંખ સામે,મશહૂર અલીબાબાના 'સીમ સીમ ખૂલ જા'ની સાથે ખજાનો પણ આખસામે આવેને ?

અઢળક વાનગીઓનો ખજાનો મળી ગયોછે, આપણાં અહોભાગ્યેજ ગણાયને ?

આપણાં સભ્યોએ જુદા જુદા પ્રાન્તની, અવનવા નામો ધરાવતા વિવિધ વ્યંજનોનો ખજાનો આપણી સમક્ષ પીરસી દીધો છે.

તેમાં, રોટલા,ફાફડા-જલેબી
પૂરણપોળી, ઉંધીયુ,ઘારી -ઘેવર
સુતરફેણીછે તો વિવિધ જાતનાં
લાડુ,મગજ શિરો જેવી અનેક મિઠાઈઓ તેમજ મઘ મઘતાં, તમ તમતાં,ચટાકેદાર ફરસાણોછે,તો સાથે બંગાળી મિઠાઈ,
મિસ્ટી દોઈ,રસગુલ્લા, સંદેશ ,સાથે તેલભાજા અને મસાલેદાર મુડી ખરીજ !

હલકા ઈડલી -ઢોસા સાથે મહારાષ્ટ્રનાં વડા - પાંઉ, અમૃતનો અહેસાસ કરાવે એવું પિયુષ, પંજાબી છોલે-ભટુરે સાથે ગાજર હલવો,મીઠી- મધુરીલસ્સી પણ હોય! તો કચ્છની દાબેલી કયાં દૂર છે?

ટૂંકું ને ટચ, દેશના દરેક રાજ્યોની અવનવી વાનગીઓ,ભાતીગળ ભારતદેશનુ નેતૃત્વ સંભાળે છે.

પચરંગી પ્રજા વચ્ચે ભાઈચારાની ભાવના ઉજાગર કરે છે.

સમસ્ત વિશ્ર્વની પ્રજાનાં હૃદયમાં ભારતની દરેક વાનગીઓ માન- સન્માન સાથે અદકેરો પ્રેમભાવ વરસાવેછે.

ખાટી -મીઠી,તૂરી-તીખી અનેક વેરાયટીઓ, આપણી સ્વાદિષ્ટ વ્યંજનની આદતને પૂર્ણ કરવાં આપણા આગમન સાથે,પોતાનો
ભોગધરવા તલપાપડ થઈ રહી છે.

તો ચાલો,પ્યારેહ્લ,

ખાના ખાઓ અને મોજ કરો.

હા,આપણી જુની, સો ટચના
સોના જેવી,કહેવતનો અર્થ પણ જીવનમાં કેળવવો જરૂરી .

'કોઈ દી,ખાધે,ખૂટશે નહી,ખાના,
પ્યારે'ખવરાવે ખૂટશે નહી ખજાના
દાને દાને પર લીખાહૈ,
પ્યારે' ખાનેવાલેકા નામ !

જયકાન્ત ઘેલાણી - 'પ્યારે".

---

**.NOG SS NO/022**

વિષયઃ ખાના ખજાના

પ્રકારઃ ગદ્ય

શીર્ષકઃ રસોઈયોગી

મનુષ્યના શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો છે આંખ, કાન, નાક, ત્વચા અને જીભ. આ જ્ઞાનેન્દ્રિયોની જ્ઞાનપિપાસાએ જગતમાં સારી અને નરસી બાબતોને જન્મ આપ્યો. અવનવાં કપડાં, મકાનો, ઘરેણાં અને અલગ અલગ પ્રકારની વાનગીઓ.

આજે આપણે વાનગીઓ વિશે વાત કરીએ. કોને શું ભાવે એ વિશે તો એ વ્યક્તિ જ કહી શકે. તૃણ્ડે તૃણ્ડે મતિ ભિન્નાની જેમ દરેક વ્યક્તિને જુદી જુદી વાનગીઓ ભાવે. એક વ્યક્તિને દરેક વાનગી ભાવે અથવા એક વાનગી દરેક વ્યક્તિને ભાવે એવું ક્યારેય બનતું નથી. આપણી જીભ છત્રીસ પ્રકારના રસ પારખવા સક્ષમ હોય છે. કોઈને શાકાહારી વાનગી ભાવે, કોઈને માંસાહારી વાનગી. કોઈને તીખું ભાવે, તો કોઈને ગળ્યું, તો કોઈને ખાટું. એ તો 'જૈસી જીસકી સોચ' જેવું.

આ જ કારણસર જન્મ થયો પાકકળાનો. બાકી કળા કરતાં આ કળા સૌથી વધુ મહત્વની છે કારણ જીવવા માટે ભોજન સૌથી મહત્વનું છે. (ખબરદાર, કોઈએ હવા કે પાણીની વાત કરી છે. હવા અને પાણીના શુદ્ધિકરણમાં કળા ક્યાં આવી!)

રસોડામાં રસોઈ બનાવનાર સ્ત્રી કે પુરુષ (હોટેલમાં શેફ હોય છે અને ઘરે શોખથી રાંધનારા પણ હોય છે.) કોઈ યોગીથી કમ નથી, કદાચ યોગીથી પણ ઊંચા છે. કોઈ ધ્યાન ધરનાર યોગી બધી વાતો ભૂલીને એક ઈશ્વરમાં ચિત્ત પરોવે છે, જ્યારે રસોઈયોગી (ધ્યાનયોગીની જેમ માનથી ન બોલાવી શકીએ!) બધી વસ્તુઓ યાદ રાખીને એક વસ્તુમાં ચિત્ત પરોવે છે. તેલ બરાબર આવ્યું? જીરું કે રાઈ? મસાલો બરાબર શેકાયો? પાણી વધારે તો નથી પડ્યું? મીઠું બરાબર છે? લોટ ઢીલો તો નથી બંધાયો? ચાસણી બે તારની થઈ કે ત્રણ તારની? રવો બરાબર શેકાયો? શાક બરાબર બફાયુ છે? ચટણીમાં કંઈ ઓછું તો નથી?

આવી અનેક ન દેખાતી બાબતોને ધ્યાનમાં રાખીને સમય સમય ઉપર મસાલા ઉમેરીને વાનગી બને. આમાં એક ભૂલ અને તે ચાખનારનારના ચહેરા ઉપર અણગમાના ભાવ. સંપૂર્ણ વિધિ યોગ્ય રીતે અને યોગ્ય સમયે કરવાથી જ એક સ્વાદિષ્ટ વાનગી બને છે અને તે વાનગીને ગ્રહણ કરનારના ચહેરા ઉપર આનંદ અને તૃપ્તિ જોયા પછી વાનગી બનાવનાર રસોઈયોગીને ઈશ્વર પામ્યા જેવી અનુભૂતિ થાય છે.

આ અનૂભૂતિનો આનંદ લખનારે પણ મેળવ્યો છે, પણ છેક મોડે મોડે, ચાળીસ પછી. તેથી મારી દરેક વાચકને વિનંતી છે કે જીવનમાં પાકકળા જરૂર શીખો અને અવર્ણનીય આનંદ મેળવો.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

**NOG SS No:-109**

બાબુ સંગાડા "મહેક"

વિષય :-ખાના ખજાના

શિર્ષક :-વૈવિધ્ય

પ્રકાર :-ગદ્ય

આપણી સંસ્કૃતિ વૈવિધ્યસભર છે,અહી ગામપરગામ ભાષા ,રીતિરિવાજો,વેષપહેરવેષમાં બગલાવ જોવા મળે,સાથે ખાણીપીણીમાં પણ,આ બધા વચ્ચે હું ગ્રામ્યસંસ્કૂતિની વાત કરવા માંગું છું અહીં ઘણા મિત્રો શહેરની સુધરેલી સંસ્કૂતિની વાત કરવાના છે.

ગ્રામ્યસંસ્કૂતિ એટલે ભાતીગળ ,અહીં બદલાવ ખરો પણ આખે આખુ બદલાઈ નહીં સુધારા સાથેનું હોય,ગુજરાતના ગામડા તરફ નજર નાખીએ તો મધ્યગુજરાતમાં મકાઈનો રોટલો,બાજરીનો હોય,ઉત્તર તરફ જઈએ તો મકાઈનો રોટલો ,સાથે બાજરી ઘઉંનો હોય ,દક્ષિણ તરફ જઈએ તો ચોખ્ખાના લોટનો રોટલો.શાકની વાત કરીએ તો ગામડામાં ઋતુ પ્રમાણે શાકભાજીમાં બદલાવ જોવા મળે,ચોમાસુ હોય એટલે તમને ભાજી વધારેમાં વધારે ખાવા મળે"એટલેતો ગામડાના માણસોમાં લોહતત્વોની ખામી ખાસ કરી ઓછી જોવા મળી,બીજી વાત કરુંતો અહી કોઈપણ વસ્તુ તાજી મળે,વેચાતી વસ્તુનો આગ્રહ ખાસ ઓછા પ્રમાણમાં આપણને જોવા મળે.ભાજીની વાતની વાત કરું તો "ખાસ કરી આપણને જરખલીની ભાજી,કસોટીની ભાજી,ઢેલાનીભાજી,અવાર નવાર હાથવગી મળી જતી હોય છે.

પહેલાથી પ્રસંગોપાત અહીં પ્રિય ખાણા તરીકે મકાઈનું થુલ્લુ,અડદનીદાળ અને તેમા દેશી ઘી લગ્નપ્રસંગે રંધાતુને મહેમાનો,તેમજ જાનૈયા ,પેટઠોકી ખાતા હોય છે.એની લિજ્જત લેવી લ્હાવો જ હોય,સમયાંત્તર બદલાવ આવ્યો આજે ઘઉંનું થુલ્લુ જ કહેવાય પણ નામ બદલી દીધું કંસાર બની ગયો,જે સ્વાદે ગળિયો હોય,પણ હજી પરિવારોમાં મોટા દિવસોમાં પરિવાર પુરતુ થુલ્લુ બનતુ હોય છે.લોકો હોશે હોશે ખાતા હોય છે.સમયના બદલાવ સાથે સુધારો આવતા હવે કેટલીક વાદંગીઓ બનતી થઈ છે.પણ મજા તો એમા જ હતી,
શેકેલા ને બાફેલા ખોરાકમાં પણ આપણને તફાવત જોવા મળે એમ આ વાસ્તવિક ખાણું જે એમના જીવન સાથે વણાઈ ગયેલું જેનાથી કોઈ હાની કયારે ના થાય ,આજે ધીરે ધીરે માણસ સંસ્કૂતિથી વિમુખ થતો ગયો તેમ તેમ તે કેટલીક બાબતોથી દૂર થતો ગયો.એટલે તો આજના રોગો સામે ટકી શકતો નથી.

ખેર પણ જીવનની સુંદરતા ખાણીપીણી ,આચારવિચારથી શોભે છે એ વાત પાક્કી છે.

બાબુ સંગાડા...મહેક

---

**NOG SS NO - 0037**

વિષય - ખાના ખજાના.

વિભાગ - માઈક્રો ફિક્શન.

શીર્ષક - શિખામણ.

ગર્ભશ્રીમંત પરિવારને ત્યાં દીકરીનો લગ્ન પ્રસંગ હોવાથી, આખો પરિવાર ત્રણ દિવસથી વાડીએ પ્રસંગની મજા માણી રહ્યો હતો. દીકરીને વળાવતી વેળાએ,માતાએ દીકરીને કહ્યું, "બેટા આજ સુધી તું અમારું ધ્યાન રાખતી રહી છો, એવું જ ધ્યાન તારા સાસરિયામાં જઈને સૌનુ રાખજે. "

દીકરી માતાને ભેટી કાનમાં કહ્યું કે મમ્મી ત્રણ દિવસથી બા ઘરે એકલા છે.જમ્યા હશે કે નહિ?

હેમલતા દિવેચા ( હેમ )

## ૨૨ જાન્યુઆરી, "વીરદાદા જશરાજ શોર્યદિન"

## રામ રાજ્યનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજનો સંક્ષિપ્ત ઈતિહાસ




શોર્યભૂમિ મનાતી એવી ભારત ભૂમિ પર અવતરિત એક શુરવીર યોધ્ધા સુર્યવંશનાં વંશજ લોહરાણા કુળમા જન્મેલા લોહરગઢનાં મહારાણા વીરદાદા જશરાજનો ૨૨ જાન્યુઆરીનાં રોજ શોર્ય દિન છે. દાદા જશરાજનો જન્મ લોહર કોટમાં થયો હતો. લોહ એટલે લોખંડ જેવા મજબુત. લોહરાણાઓ કે જેમણે ત્રણસો વર્ષ પર્યન્ત ભારત દેશની ચોકીદારી કરી. શુરવીરતા, સમર્પણ, કરુણા અને કોઈના દુઃખમાં ભાગ લેવો એ વર્ષોથી લોહરાણાઓની પરંપરા રહી છે. રાજા વસ્તુપાળ અને રાણી વીરકોરના પાટવી કુંવર મોટા પુત્ર વસ્તરાજ ઉર્ફે વચ્છરાજ દાદા અને નાના પુત્ર વીર જસરાજ જેમનો જન્મ ઇ.સ. ૧૦૩૨, વિક્રમ સવંત ૧૦૮૭, હીજરી સન ૪૨૨માં થયો. બંને ભાઇ બાલ્યાવસ્થાથી જ વીર, તેજસ્વી અને ઘોડેસવારીમાં નિપુણ હતા અને વીર યોધ્ધા તરીકે ઓળખાતા હતા. તા. ૧૫-૦૧-૧૦૪૮ને શુક્રવાર વિક્રમ સવંત ૧૧૦૩, હીજરી સન ૪૩૯નાં દીને કુવંર વચ્છરાજ ને લોહર કોટનાં નવા મહારાણા તરીકે સ્થાપિત કરાયા. પરંતુ એક પગે અપંગતા હોવાથી દીલાવર દીલનાં વચ્છરાજ દાદાએ જાતે પોતાના નાના ભાઈ જસરાજ ને રાજતીલક કરી લોહર કોટનાં નવા મહારાણાની જાહેરાત કરી. તેમણે વિધર્મીઓનો અંત કરીને કાબુલનાં કિલ્લા ઉપર વિજય ધ્વજ ફરકાવ્યો એવું કહેવાય છે કે જેટલો ત્યાગ ગુરુ ગોવિન્દ સિંહમાં હતો, જેટલો શોર્ય મહારાણા પ્રતાપમાં હતું કે જેટલુ સાહસ વીર શિવાજીમાં હતુ તેટલી જ શક્તિ , સાહસ અને શોર્ય સુર્યવંશી રાણા જસરાજમાં હતુ. રામ રાજયના સમયમાં ભગવાન શ્રીરામની આજ્ઞાથી ભરત મહારાજે તે વખતના ગાંધાર(હાલ અફઘાનિસ્તાન)પ્રદેશમાં જાગેલા વિદ્રોહને પરાજિત કરી તે પ્રદેશમાં તક્ષશીલા અને કોંકણપુર(પેશાવર) શહેરો વસાવ્યા હતા અને સમસ્ત રઘુવંશી રાજયની સ્થાપના કરી હતી. અત્યારના પાકિસ્તાનની ઉતરભ્રમી અને અફઘાનિસ્તાનની દક્ષીણી ભુમી પર હિમાલયની ગિરિમાળા વચ્ચે લોહર પ્રદેશ હતો. આ રાજય હોવાથી તે વખતના ભારતના રાજય મંડળે લોહ રાજવીને લોહરાણાનો શીરપાવ એનાયત ક્યો હતો. તે સમયે મોગલશાહ ચંગીઝખાન અને મહંમદ ગઝનીએ અવારનવાર કરેલી ચઢાઈઓને લોહરાણાઓએ મારી હટાવી હતી. ઈસવીસન પૂર્વે સિકંદર કૂચ અટકાવનાર લોહરાણા પોરસની જેમ જશરાજે ઈરાનીઓ અને અફઘાનિસ્તાનીઓની કૂચને અટકાવી હતી.

કુંવર જસરાજની સગાઈ ઉનડકોટનાં રાણા રઘુપાલ ઉનડકોટની દીકરી સાથે થઈ હતી. વસંતપંચમીના દિવસે જયારે જસરાજજીના લગ્નનો દિવસ હતો એ દિવસે જ મલેચ્છ સેનાએ કંદહાર અને હિંદુકુશના રસ્તેથી આવી ઉનડકોટની નજીક જ આવેલ લાતુરગઢ ઉપર હુમલો કર્યો. ઉનડકોટમાં મહારાણા જસરાજનાં લગ્નમાં બધા મગ્ન હતા. મલ્લેછોએ ઉનડકોટની ગાયોનું હરણ કરી લીધું હતુ. એક ગોવાળે આ સમાચાર સેનાપતિ સિંધુદેવ શર્માને આપ્યા. તેઓએ પોતાના અંગત સાથીદારોને સાથે લઇ વિધર્મીઓની સામે બાથે ભીડ્યા. આ યુદ્ધમાં વિધર્મીઓએ ગાયોને સામે રાખી હતી હવે જો તેઓ શસ્ત્ર ઉપાડે, સામો પ્રહાર કરે તો ગાયોનુ મૃત્યુ થાય માટે તેઓએ હાથબળથી યુધ્ધ કર્યુ અને વિરગતી પામ્યા. જયારે સેનાપતિ સિંધુદેવ શર્માનુ શવ ઘોડા ઉપર આવે છે. દાદા જસરાજ સહિત બધાની આંખોમા આંસુ આવી જાય છે. તેમની મોટી બહેન હરકૌર પોબારુની વિનંતીથી દાદા લગ્નવેદીનાં ચાર ફેરા તો ફરે છે પરંતુ પોતાની પત્નીની સંમતિથી જ લગ્ન પછી તરત જ ગાયોના રક્ષણ માટે યુધ્ધે ચડે છે. જેમાં તેની બહેન હરકૌર પણ મદદ કરી હતી. આખરે કાબુલનાં દુશ્મન પરાજિત થયા, અને જશરાજ વિજયી થયા. લોહર સૈનિકનાં વેશમાં આવેલ એક શત્રુએ લગ્નની ખુશાલીમાં જસરાજ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી વંદન કરી દગાથી જસરાજની ગરદન ઉપર સાંગ મારી માથું ઉતારી દીધું. જસરાજનું માથા વિનાનું ધડ પણ ઝનૂનથી લડે છે ત્યારથી તેઓ લોહાણા અને ભાનુશાલીઓ દ્વારા વીરદાદા જશરાજ કુળદેવતા તરીકે પૂજાતા આવ્યા છે અને તેની બહેન હરકૌરની લોહાણા કુળ દ્વારા કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપનાં ચેતક ઘોડાની જેમ દાદા જસરાજનો પ્રિય અશ્વ લાલુ હતો જેમની ખાંભી આજે પણ ઉનડકોટમાં જોવા મળે છે. મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## પાલનપુરના નગરસેવકના પુત્રએ પાડોશી યુવતી સાથે લગ્ન બાદ સામુહિક આપઘાત કર્યો.

બનાસકાંઠા બ્યુરો દીલીપ ગોહીલ

પાલનપુરના નગરસેવકનો પુત્ર તેના બાજુમાં રહેતા પાડોશીની દીકરી સાથે મંદિરમાં લગ્ન કર્યા બાદ યુવક-યુવતીએ ગોબરી રોડ વિસ્તારમાંથી પસાર થતી ટ્રેન નીચે પડતું મૂકી સામૂહિક આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં આત્મહત્યાના બનાવોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે આજે પાલનપુર ખાતે યુવક-યુવતીએ સામૂહિક ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે.

પાલનપુર નગર સેવકના પુત્ર અને તેના બાજુમાં રહેતા પાડોશીની દીકરી સાથે મંદિરમાં લગ્ન કર્યા હતા અને લગ્ન કર્યા બાદ યુવક-યુવતી પાલનપુર વિસ્તારમાં આવેલ ગોબરી રોડ વિસ્તારમાંથી પસાર થતી ટ્રેન નીચે પડતું મૂકી સામૂહિક આપઘાત કર્યો હતો.ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરતાં પાલનપુર પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. મૃતક યુવક-યુવતીના મૃતદેહને પી.એમ અર્થે પાલનપુર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર પૂર્વ પોલીસે આપઘાત મામલે તપાસ હાથ ધરી છે.

# વડાપ્રધાન મોદી ફરી એકવાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓમાં સામેલ

નવીદિલ્હી,તા.૨૧

એપ્રવુલ રેટિંગ દરેક દેશમાં સાત દિવસ ચાલે છે. આ પહેલીવાર નથી જયારે પીએમ મોદીને સૌથી લોકપ્રિય નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હોય. મે ૨૦૨૨માં તે ૮૪ ટકા લોકપ્રિયતા સાથે આ યાદીમાં ટોચ પર હતા. જો કે મે ૨૦૨૧માં આ રેટિંગ ઘટીને ૬૩ ટકા થઈ ગયુ હતુ. સપ્ટેમ્બર ૨૦૨૧માં પીએમ મોદીને ફરીથી સૌથી વધુ લોકપ્રિય વૈશ્વિક નેતાનો દરજ્જો મળ્યો હતો. નવા મોટા વૈશ્વિક નેતાઓમાં મેક્સીકન રાષ્ટ્રપતિ લોપેઝ ઓબ્રાડોર ૬૬ ટકા અપ્રુવલ રેટિંગ સાથે બીજા સ્થાને હતા. તમને જણાવવુ રહ્યુ કે, લોકપ્રિયતાના ગ્રાફમાં ઈટાલિયન વડાપ્રધાન મારિયો ડ્રેગી, જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ, યુએસ પ્રમુખ જો બાઈડન સહિત ઘણા મોટા નેતાઓને PM મોદીએ પાછળ છોડી દીધા છે.

# હિંમતનગર ખાતે વિરપ્રતાપ ફાઉન્ડેશન દ્વારા વૃદ્ધની અંતિમ વિધિ કરી સમાજમા સેવાનુ ઉત્તન ઉદાહરણ પૂરું પાડ્યું

## તમારું કર્મ જ તમારી સાચી ઓળખાણ છે, બાકી એક નામના હજારો લોકો હોય છે આ દુનિયામા



સાબરકાંઠા જિલ્લામા છેલ્લા ઘણા સમયથી વિરપ્રતાપ ફાઉન્ડેશન સેવા કાર્યમા સક્રિય બન્યું છે કોરોના કાળ હોય કે પછી ગરીબ લોકોની મજબૂરી હંમેશા માટે સેવા અર્થે નિસ્વાર્થ અને નિઃશુલ્ક ખડેપગે સેવા આપતી આ સંસ્થા હિંમતનગર નહિ પરંતુ ગુજરાત ભરમા સક્રિય બની છે ત્યારે તાજેતરમા હિંમતનગરના બસ સ્ટેશન વિસ્તારમા એક વૃદ્ધ મહિલા નિરાધાર હોવાના કારણે ખુલ્લા વિસ્તારમા રહેતા હતા ચાર દિવસ પહેલાજ વિરપ્રતાપ ફાઉન્ડેશનની ટિમ દ્વારા ધાબળા વિતરણ સમયે આ વૃદ્ધ મહિલાને ધબડી ઓઢાડ્યો હતો ત્યારે બે દિવસ પહેલા વીરપ્રતાપ ફાઉન્ડેશનના અગ્રણી ભૃગુવેન્દ્રસિંહ કુંપાવતને એક કોલ આવેલ કે એક મહિલા રડી રહ્યા છે, એમના માતાનું મૃત્યુ પામેલ છે આગળ પાછળ કોઈ સગા સબંધીનથી ત્યારે વીર પ્રતાપ ફાઉન્ડેશનની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી સ્થાનિક પોલીસ અને હિંમતનગર નગરપાલિકાના કર્મચારીઓ સંકલનમા રાખી આ વૃદ્ધ માતાને ભોલેશ્વર સ્મશાન ગૃહ ખાતે અંતિમવિધિ કરવામા આવી હતી ત્યારે આ કાર્ય પૂર્ણ થયાં બાદ મૃત્યુ પામનારના દીકરીઓએ વીર પ્રતાપ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કર્યો હતો વીર પ્રતાપ ફાઉન્ડેશનના તમામ કાર્યકરો જીક્રેશ ભાઈ, મયુર ભાઈ, હિતેશ ભાઈ,શિવદતભાઈ, પ્રવીણભાઈ, હેમંતભાઈ, મહેન્દ્રભાઈ, તેમજ સરપંચ ભરતભાઈ જાદવ સહિતના પદાધિકારીઓ આ કાર્યમા જોડાયા હતા ત્યારે વીર પ્રતાપ ફાઉન્ડેશનના અગ્રણીએ સ્મશાન ગૃહના કર્મચારી ભરતભાઈનો પણ આભાર માન્યો હતો....



શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞા અન્વયે હાલના કોરોના મહામારીમાં સંજોગોને ધ્યાનમાં રાખીને દિવ્ય શાકોત્સવની વર્ચ્યુઅલ ઉજવણી કરાઇ હતી જેનાં દર્શન હરિભકતોએ ઓન લાઈન કર્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓના અન્નકૂટના દર્શન પણ નિહાળવામાં આવ્યાં હતાં.

# રૂરલ પોલીસકર્મી નશામાં ધૂત બની પત્નીને દહેજ માટે ઢોર માર મારી ત્રાસ આપતા પોલીસ ફરિયાદ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો પોલીસકર્મી તેની પત્નીને દારૂના નશામાં ધૂત બની તેની પત્ની પર લાકડી વડે તૂટી પડતા મહિલા તેના બાળકો સાથે જીવ બચાવવા રાતોરાત ઘર બહાર નિકળી વાહન મારફતે પિયર પહોંચી ગઈ હતી જાણે પોલીસકર્મીને ખખીનો પાવર હોય તેમ તેની સાસરીમાં પહોંચી જઈ મારઝૂડ કરતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતાઆખરે મહિલા પોલીસકર્મી પતિના ત્રાસથી થાકી માલપુર પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે

શીણાવાડ ગામના અને મોડાસાની આસ્થા સોસાયટીમાં પરિવાર સાથે રહેતા મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા પ્રકાશભાઈ ધિરભાઈ ડાભીના કોર્ટ મેરેજ માલપુરના સરદારખાંટ

ની મુવાડી ગામના મીનાબેન પુંજાભાઈ ખાંટ સાથે પરિવારજનોની હાજરીમાં થયા હતા પોલીસકર્મી તેની પત્ની અને બાળકો સાથે મોડાસાની આસ્થા સોસાયટીમાં રહેતો હતો છેલ્લા કેટલાક સમયથી પ્રકાશ ડાભી તેની પત્નીને ઘરકામ અંગે ઝગડો કરી ર લાખ રૂપિયા દહેજ અને સોનાના દાગીના લીધા પછી પણ દહેજની માંગણી યથાવત રાખી તેની પત્ની સાથે દારૂના નશામાં મારઝૂડ કરતા અને લાકડાના દંડાના ફડાકા ઝીકતા મહિલા બેભાન થઇ ગઈ હતી તેના બાળકોને પણ ફટકારી તને તો પતાવી દેવી છે કહેતા પત્ની અને બાળકો ફફડી ઉઠ્યા હતા મહિલાએ તેના કોઈ સબંધીને ફોન કરી ગાડી લઈ બોલાવતા મહિલા તેના ત્રણ બાળકો સાથે જીવ બચાવી તેના પિયરમાં જતા રહ્યા હતા . પોલીસકર્મી તેની પત્નીને લેવા સાસરીમાં પહોંચી તને અને પુત્રને લેવા આવ્યો છું કહી હંગામો કરી મહિલાને બે ત્રણ તમાચા ઠોકી દીધા હતા અને બેફામ ગાળો બોલી તારે અને મારે કોઈ સબંધ નથી તને અને આપણા પુત્ર આયુષને પતાવી દઈશ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલા પોલીસકર્મી પતિના શારીરિક અને માનસિક ત્રાસથી હારી થાકી માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ફકોના ચેરમેન બનવા બદલ દિલીપભાઈ સંઘાણીને અભિનંદન પાઠવતા ડો. વલ્લભભાઈ કથીરિયા



રાજકોટ

વૈશ્વિક ધોરણે ખ્યાતિપ્રાપ્ત અને ભારતમાં ખેડૂતોની સૌથી મોટી સહકારી સંસ્થા એવી ઈફકોના ચેરમેનપદે જાણીતા સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણીની નિયુક્તિ થતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનું આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાએ તેમને હૃદય પૂર્વક અભિનંદન પાઠવ્યા છે.

ડો. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું છે કે, જગતના તાત માટે કામ કરતી દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોને ચેરમેન તરીકે એક સર્વથા યોગ્ય વ્યક્તિ મળી છે તેથી આ હું નિયુક્તિને આવકારૂ છું.

વિશેષ આનંદ તો એ છે કે ઈફકો જેવી સંસ્થામાં ગૌરવંતા ગુજરાતના આ સપૂતને મહત્વપૂર્ણ હોદ્દો પ્રાપ્ત થયો છે. તેમણે એમ પણ કહ્યું છે કે, દિલીપભાઈ સંઘાણી ઈફકોને વધુ ઊંચાઇ ઉપર લઇ જશે અને સમગ્ર દેશમાં ગુજરાતનું નામ વધુ રોશન કરશે.

# કુખ્યાત બુટલેગર ઈશ્વર ગામેતી અમદાવાદ આલ્ફા-૧ મોલમાં ટહેલતો હતો ને પેરોલ ફર્લો ટીમે દબોચી લેતા મોતિયા મરી ગયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર સતત નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી રહી છે જીલ્લા પેરોલ ફર્લો ટીમે શામળાજી પોલીસ સ્ટેશનના ૩ જેટલા પ્રોહીબીશનના ગુન્હાનો અને છેલ્લા કેટલાક સમયથી નાસતા-ફરતા લિસ્ટેડ બુટલેગરને અમદાવાદ વસ્ત્રાપુર આલ્ફા-૧ મોલમાં ટહેલતો જ દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અમદાવાદમાં પડાવ નાખ્યો હતો ત્યારે શામળપુર ગામનો લિસ્ટેડ બુટલેગર ઈશ્વર બાબુભાઇ ગામેતી વસ્ત્રાપુરમાં આવેલા આલ્ફા-૧ મોલમાં હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો ટીમ તાબડતોડ આલ્ફા-૧ મોલમાં પહોંચી નામચીન બુટલેગર ઈશ્વર ગામેતીને કોર્ડન કરી દબોચી લેતા બુટલેગરના મોતીયા મરી ગયા હતા અરવલ્લી પેરોલ ફર્લો ટીમે શામળાજી પોલીસ સ્ટેશનમાં જ ૩ ગુન્હા પ્રોહિબિશનના નોંધાયેલા હોવાનું અને દારૂની હેરાફેરી અને વેપલામાં સંડોવાયેલ નામચીન બુટલેગર ઈશ્વર છેલ્લા કેટલાક સમયથી શામળાજી પોલીસને હાથતાળી આપી રહ્યો હતો ત્યારે પેરોલ ફર્લો ટીમે ઝડપી પાડી શામળાજી પોલીસને સુપ્રત કરતા પોલીસે બુટલેગર ઈશ્વર ગામેતી સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## 'કાશ્મીરી હિંદુ વિસ્થાપન દિન નિમિત્તે 'ઑનલાઈન વિશેષ સંવાદ !

# પીડિત કાશ્મીરી હિંદુઓની માગણીઓ પૂર્ણ થાય, ત્યાં સુધી લડતા જ રહીશું ! - શ્રી. સુશીલ પંડિત, સંસ્થાપક, 'રૂટ્સ ઈન કાશ્મીર'

વર્ષ ૧૯૯૦ માં કાશ્મીર ખાતે હિંદુઓની સામૂહિક રીતે હત્યાઓ કરવામાં આવી, તેને 'નરસંહાર' તરીકે સરકારે સ્વીકારવું; આ નરસંહાર માટે ઉત્તરદાયી સર્વ દોષીઓને કઠોર શિક્ષા આપવી; આ નરસંહારમાં પીડિત હિંદુઓની જમીન, સંપત્તિ ત્યાંના મુસલમાનોએ પચાવી પાડી, તે હિંદુઓને પાછી આપવામાં આવે અને વિસ્થાપિત હિંદુઓને કાશ્મીર ખાતે ફરીવાર રહેવા માટે વિશેષ જગ્યા આપવામાં આવે, એવી માગણીઓ અમે કેંદ્ર સરકાર પાસે કરી છે. દુર્દૈવથી વર્તમાનની કેંદ્ર સરકાર પણ આ નરસંહાર માટે જેઓ ઉત્તરદાયી હતા, તેમનું મન જીતવામાં મગ્ન છે; પણ અમે કાશ્મીરી હિંદુઓ નમશું નહીં અને અમારી માગણીઓ પૂર્ણ થાય ત્યાં સુધી લડતા જ રહીશું, એવું સ્પષ્ટ પ્રતિપાદન 'રૂટ્સ ઈન કાશ્મીર'ના સંસ્થાપક શ્રી. સુશીલ પંડિતે કર્યું. તેઓ 'હિંદુ જનજાગૃતિ સમિતિ' વતી આયોજિત '૧૯ જાન્યુઆરી : કાશ્મીરી હિંદુઓનો વિસ્થાપન દિવસ - કાશ્મીરી હિંદુઓને ન્યાય ક્યારે મળશે ?' આ 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા. હિંદુ જનજાગૃતિ સમિતિના દેહલી પ્રવક્તા શ્રી. નરેંદ્ર સુર્વેએ શ્રી. સુશીલ પંડિત સાથે સંવાદ કર્યો. ૧૯ જાન્યુઆરી ૧૯૯૦ના દિવસે ધર્માંધોએ મસ્જિદોમાંથી 'હિંદુઓ, કાશ્મીરમાંથી જતા રહો' આ રીતે ઘોષણાઓ આપીને લાખો હિંદુઓને કાશ્મીરમાંથી ભગાડી મૂક્યા. એક રાત્રિમાં કાશ્મીરમાંના હજારો હિંદુઓની હત્યા થઈ અને લાખો હિંદુઓ વિસ્થાપિત થઈને તેમનું સર્વસ્વ લૂંટાઈ ગયું. આ ક્રૂર ઘટનાને ૩૧ વર્ષ પૂર્ણ થયા, તો પણ કાશ્મીરી હિંદુઓને ન્યાય મળ્યો નથી. આ નિમિત્તે સદર 'ઑનલાઈન' વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી. સુશીલ પંડિતે ઉમેર્યું કે, 'કાશ્મીરી હિંદુઓની હત્યા કરનારાઓ હજી જીવિત છે, તેમના પર કોઈપણ ન્યાયાલયમાં ખટલો ચાલુ નથી. કાશ્મીરી હિંદુઓના જે દોષીઓ છે, તેમના પર અભિયોગ, ખટલાઓ દાખલ કરીને, તેમની સંપત્તિ જપ્ત કરીને તેમને દંડિત કરવા જોઈતા હતા; પણ તેવું કાંઈ થવાને બદલે તેમની ચાપલૂસી કરીને તેમને સર્વ સુવિધાઓ અત્યાર સુધીની સર્વ કેંદ્ર સરકારોએ ઉપલબ્ધ કરી આપી. કાશ્મીરી હિંદુઓ પર થયેલા અત્યાચારો વિશે બોલવાનું નહી, તેમને ન્યાય આપવાનો નહી, એવી વ્યવસ્થા આપણે ચૂંટી છે. પંથનિરપેક્ષતાના નામ હેઠળ આપણે પાખંડી વ્યવસ્થા સ્વીકારી છે. તેમાં અનેક રાજકીય નેતાઓ, ન્યાયવ્યવસ્થા, પ્રસારમાધ્યમો, બુદ્ધિવાદીઓ, નાગરિક મંચ, નોકરશાહી સહભાગી છે. વર્ષ ૨૦૧૭ માં કાશ્મીરી પંડિતોને ન્યાય મેળવી આપવા માટે અમે સર્વોચ્ચ ન્યાયાલયમાં યાચિકા દાખલ કરી હતી; પણ 'હવે આ યાચિકાને ઘણું મોડું થઈ ગયું છે. હવે આમાંના સાક્ષીદાર અને પુરાવા કોણ શોધશે ?' એવાં અનેક કારણો આપીને સર્વોચ્ચ ન્યાયાલયે સદર યાચિકા ફગાવી દીધી. એમ ભલે હોય, તો પણ આ જ વર્ષે ગાંધી હત્યાનો ન્યાયાલયીન ખટલો ફરીવાર ચાલુ કરવામાં આવ્યો, તેવી જ રીતે દોષી આતંકવાદીઓ માટે મધરાતે પણ આ દેશમાં ન્યાયાલયીન ખટલાઓ ચલાવવામાં આવે છે, આ ખેદજનક છે. દેશની ન્યાયસંસ્થા અને રાજકીય વ્યવસ્થાએ દેશની પંથનિરપેક્ષતા જોખમમાં આવી જશે, એવી બીકથી કાશ્મીરી હિંદુઓને ન્યાય મળવાથી વંચિત રાખ્યા છે.'

# સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વમહાપીઠ ગુજરાત પ્રદેશના મહામંત્રી, તરીકે ડો ગુલાબચંદ પટેલની નિમણૂક



ગાંધીનગર ગુજરાત ના સામાજિક કાર્યકર અને સાહિત્યકાર શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ને સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વમહાપીઠ દ્વારા ગુજરાત પ્રદેશ ના મહા મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓને જન્મ દિવસ નિમિતે પદાધિકારીઓ દ્વારા નીચે મુજબ ની શુભેચ્છા પાઠવવામાં આવી છે.

સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વમહાપીઠ ગુજરાત પ્રદેશના મહામંત્રી, કવિ, લેખક, હિન્દી ગુજરાતી અનુવાદક, વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા તથા મહિલાઓની જાગૃતિ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ કાર્યક્રમ ના આયોજક શ્રી ગુલાબચંદ એન. પટેલ ને જન્મદિવસ ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. શ્રી આત્મારામભાઈ પરમાર, આંતરરાષ્ટ્રીય મહામંત્રી, શ્રી કે. ડી. પાટડીયા, રાષ્ટ્રીય મંત્રી, શ્રી આર. એમ. પટેલ, ગુજરાત પ્રદેશ પ્રમુખ, શ્રી કિશોરભાઈ એન. પરમાર, પ્રવક્તા તેમજ સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વમહાપીઠ ના પદાધિકારીઓ તરફથી જન્મદિવસ ની શુભકામનાઓ.

પ્રભુ તુમ ચંદન હમ પાની

# વાનદગડ ગામે યોજાઈ રમત સ્પર્ધા



આહવા

ડાંગના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા તાજેતરમા ભવાનદગડ ગામે એક રમત સ્પર્ધાનુ આયોજન કરાયુ હતુ.

ક્ષત્રિય યુવક મંડળ, ભવાનદગદના સહયોગથી ભવાનદગદ ગામ, આહવા બ્લોક, સહિત સમગ્ર ડાંગની જિલ્લા કક્ષાની આ રમતગમત સ્પર્ધાનુ ઉદ્દ્ઘાટન ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના હસ્તે કરાયુ હતુ. આ વેળા ધારાસભ્યશ્રી દ્વારા યુવાનોમા નેતૃત્વના ગુણોના વિકાસ સાથે, ટીમ વર્કની ભાવના, અને શારીરિક તથા માનસિક તંદુરસ્તી વિકસાવવા માટે, રોજિંદા જીવનમા રમતગમતના મહત્વ વિશે યુવાનોને માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ. આ સ્પર્ધામા વોલીબોલ, ટગ ઓફ વોર, લાંબી કૂદ, બેડમિન્ટન, અને ૧૦૦ મીટર દોડ જેવી સ્પર્ધાઓનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ડાંગ જિલ્લાના ત્રણેય બ્લોકના યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નરેન્દ્ર પવાર
આહવા ડાંગ

# મોડાસા તાલુકાના શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં ભેદભાવની નીતિ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખા હંમેશા કોઈને કોઈ પ્રકારે ચર્ચામાં જ રહે છે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નોનો જલ્દી ઉકેલ થાય તેમજ શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ સીનીયોરીટી પ્રમાણે મળતા રહે તે હેતુસર જિલ્લાના જુદા-જુદા તાલુકાઓમાં ઉચ્ચતર પગાર ધોરણના તાલુકા દીઠ કેમ્પ યોજવામાં આવી રહ્યા છે.

મોડાસા તાલુકાના ફરેડી ગામની પ્રાથમિક શાળાના શિક્ષિકા નીલાક્ષીબેન પટેલે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે કે તેઓના ઉચ્ચતર પગારધોરણ બાબતે તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં ભેદભાવની નીતિ રાખવામાં આવી રહી છે તેમને લેખિત અરજીમાં જણાવ્યું છે કે શિક્ષણ શાખા દ્વારા તેમની ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત મંજૂર કરવામાં આવી નથી તેમના પછીના નોકરીમાં લાગેલા કેટલાય શિક્ષકોની ઉચ્ચત્તર પગાર ધોરણની ફાઈલ મંજૂર થઈ ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે આ બાબતે તેઓએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ખાતે પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે તેઓનું સ્ટીકર આવ્યું ન હોવાથી તેમની દરખાસ્ત મંજૂર થઈ શકી નથી. પ્રાથમિક શિક્ષકોના સ્ટીકર ઓનલાઈન કરવાની કામગીરી તાલુકા પંચાયત શિક્ષણ શાખા ની હોય છે જો એમના પછીના નોકરી લાગેલા શિક્ષકોના સ્ટીકર આવી ગયા હોય તો આ શિક્ષિકાનું સ્ટીકર કેમ નથી આવ્યું તે એક પ્રશ્ન છે..

વધુમાં તાલુકા પ્રાથમિક શિક્ષક આલમમાં ચર્ચાઈ રહ્યા પ્રમાણે ભૂતકાળમાં તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં કામ કરતા કેટલાક વચેટીયાઓ પોતાના સગા સંબંધીઓ તેમજ નજીકના મિત્રો સિનિયોરીટીમાં ન આવતા હોવા છતા તેમની ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્તો વચ્ચે ઘુસાડી દેવામાં આવીછે જેથી કરીને લાભ લેવાપાત્ર શિક્ષકો સિનિયોરીટી માં આવતા હોવા છતાં કોઈને કોઈ પ્રકારે તેમની દરખાસ્તો સાઈડ પર કરી દેવામાં આવે છે આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખામાંથી આજ દિન સુધીની ગાંધીનગર મોકલાવેલી શિક્ષકોની સર્વિસબુક સિનિયોરીટી પ્રમાણે મોકલવામાં આવી છે કે નહી તેની તપાસ કરવામાં આવે તેમ શિક્ષક આલમ રહ્યું છે.

## લઘુતમ ટેકાના ભાવે પાક વેચાણ કરવા ઇચ્છુક ખેડૂતે ફરજીયાત ઓનલાઇન નોંધણી કરાવી લેવા મંત્રીશ્રીનો અનુરોધ

# લઘુતમ ટેકાના ભાવથી તુવેર, ચણા અને રાયડાની ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર સીધી ખરીદી કરશે : કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, ચાલુ વર્ષે ચણા સહિતના રવિ સિઝનના પાકોનું વધુ વાવેતર થવાથી ઉત્પાદન વધવાની સંભાવનાને પગલે કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રીને ચણાનો વધુ જથ્થો ખરીદવા વિનંતી કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકારે વર્ષ ૨૦૨૧-૨૨ માં તુવેર માટે રૂ. ૧૨૬૦ પ્રતિ ૨૦ કી.ગ્રા(મણ), ચણા માટે રૂ. ૧૦૫૦ પ્રતિ ૨૦ કી.ગ્રા (મણ), અને રાયડા માટે રૂપિયા ૧૦૧૦ પ્રતિ ૨૦ કી.ગ્રા(મણ) લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરેલા છે. રાજયમાં ખરીફ/રવિ સીઝન ૨૦૨૧-૨૨માં લઘુતમ ટેકાના ભાવે તુવેરની ખરીદી તા.૧૫/૦૨/૨૦૨૨ અને ચણા તથા રાયડાની ખરીદી તા.૦૧/૦૩/૨૦૨૨ થી રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લી., અમદાવાદ મારફતે કરવામાં આવનાર છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, લઘુતમ ટેકાના ભાવે તુવેર, ચણા અને રાયડોનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન વિના મુલ્યે નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક/ ગ્રામ્ય કક્ષાએ VCE દ્વારા તા.૦૧/૦૨/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી કરવામાં આવશે. તે મુજબ તમામ ખેડૂતોએ નોંધણી કરાવવી જરૂરી છે. નોંધણીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતો હોઈ ખેડૂતોએ નોંધણી માટે VCE ને કોઈપણ પ્રકારની રકમ ચૂકવવાની રહેતી નથી.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધાર કાર્ડની નકલ, અદ્યતન મહેસૂલી રેકર્ડ ગામ નમુનો ૭, ૧૨, ૮-અની નકલ, ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ન થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડુતના નામના બેક્ક ખાતાની વિગત જેમ કે બેક્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યમાં તુવેર, ચણા અને રાયડા પકવતા ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા મંત્રીશ્રીએ ખાસ અનુરોધ કર્યો છે. નોંધણી બાબતે કોઇ મુશ્કેલી જણાય તો સવાર ૯-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૬૪૦૭૬૦૯, ૨૬૪૦૭૬૦૧૦, ૨૬૪૦૭૬૦૧૧, અને ૨૬૪૦૭૬૦૧૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.